॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જુલાઈ ૨૦૧૨

રૂા. ૫/૦૦



ભુજમાં હિંડોળે ઝુલતા ભગવાન સ્વામિનારાયણ












(૧) શ્રીહરિ વાંચનાલય (લાયબ્રેરી) બહેનો માટે વિમોચન કરતા સંતો સાથે હરિભક્તો-કોડકી. (૨-૩) શ્રી સ્વામિનારાયણ મંદિર માધાપરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શોભાયાત્રા તથા પાટોત્સવની આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી. (૪-૫) શ્રી ક.સ. સ્વામિનારાયણ મોમ્બાસા મંદિર તરફથી ગરીબો માટે મેડિકલ કેમ્પમાં દર્દીઓની ફ્રી ઓફ સેવા કરવામાં આવી હતી-મોમ્બાસા. (૬) શ્રી ઘનશ્યામ બાળ મંડળના બાળકોની ધાર્મિક પરીક્ષા આપતા બાળકો-ભુજ. (૭) ભારાપર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે કથા શ્રવણ કરતા-ભક્તો. (૮-૯) ભારાપર (માંડવી) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે શોભાયાત્રામાં જોડાયેલા ભક્તો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥ ૭

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

*• અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.*
*• પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.*


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૧, અંક - ૭ - જૂલાઇ - ૨૦૧૨
સળંગ અંક - ૩૨૦

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org.

# તંત્રીની કલમે

કહેવાય છે કે મોભને સાથે સો ખીલા. તેમ પરિવારમાં કે સમાજમાં મોભીને ઘણું સહન કરવું પડે છે. સંસ્કારજન્ય સ્વભાવને વશ માનવી મનુષ્યથી લઈ પરબ્રહ્મ પરમાત્મા સુધી કોઈની પણ પોતાને ફાવે તેમ ટીકા કરતાં અચકાતો નથી. ભગવાન સ્વામિનારાયણ સામે પણ ભિન્ન ભિન્ન રુચવિાળા કુતર્કીઓએ વિવિધ આક્ષેપ કર્યા હતા.

એક ચંપૂકાવ્યમાં જણાવ્યા પ્રમાણે બ્રહ્માજીએ રચેલી સૃષ્ટિને જોવા બે ગંધર્વો વિમાન મારફતે નીકળ્યા હતા. દરેક ગંધર્વે પોતાને સૃષ્ટિ કેવી લાગી તેની નોંધ કરી. એકને સૃષ્ટિની દરેક વસ્તુમાં કોઈને કોઈ દોષ દેખાયો. તેને બધી જ રચના ખરાબ લાગી. બીજા ગંધર્વને દરેક વસ્તુ સુંદર અને દોષ વગરની લાગી.

ભગવાન રામની નિંદા કરનાર અને રાવણને દેવતરીકે પૂજનાર સમાજ પણ અસ્તિત્વ ધરાવે છે. એ તો ઠીક, પણ એક પ્રસંગે દિલ્હીના ચાંદની ચોકમાં લાજપતરાય માર્કેટની સામે આવેલા આર્ય સમાજના સભાગૃહમાં અર્જુન નામના વકતાએ રામને ગુનેગાર અને રાવણને નિર્દોષ જણાવી કહ્યું રામે રાવણીનસ પરવાનગી વગર રાવણના રાજયની હદમાં પંચવટીમાં મુકામ કર્યો હતો. આ કારણે રાવણે સીતાનું હરણ કર્યુ હતું. કુતર્કની બલિહારી ! અર્જનુજી એ આ સંશોધન માટે ત્રેતાયુગના નકશા કયાંથી મેળવ્યા હશે ?

કાપુરુષો અપપ્રચાર માટે ગમે તે બહાનુ મેળવી લેતા હોય છે.

ભગવાન સ્વામિનારાયણ  સમસ્ત બ્રહ્માંડોના રાજાધિરાજ પુરુષોતમ નારાયણ હતા. તેમની સામે ''દાદા''ની બહેનોને લઈને ભાગી જશે એવી અફવા ફેલાવવામાં આવી. અમદાવાદના સૂબાએ તો કાનભંભેરણી કરતી વાતોને વિશ્વાસે જાન લેવાનું કાવતરું પણ રચેલું. શંકા, અદેખાઈ, પોતાનું વર્ચસ્વ ઘટી જવાનો ભય, મહંતાઈ છિનવાઈ જવાની દહેશત, જેવા કારણોને વશ કોઈએ પ્રભુને નિન્દ્યા, તેમની ઉપર ધૂળ ઉડાડી, તેમના પવિત્ર અને ભોળા સાધુઓને પીડયા, પ્રભુને જાતના મોચી કહ્યા, જાદુગરા કહ્યા !

સમાજમાં બધા લોકો પારકા વિશ્વાસે ચાલનાર કાચા કાનના નથી હોતા. જ્ઞાની બુદ્ધિશાળી જેનો વિચાર કરીને એક યા બીજી રીતે વસ્તુ સ્થિતિનો નિષ્કર્ષ મેળવી લે છે. શીયાણીના રાજા હરિસિંહજીને કાને શ્રીહરિ વિશે આડી અવળી વાતો આવતાં, તેમણે રાજયના, વિદ્વાન પંડીત શિવરામ વિપ્રને બોલાવી શ્રીજી મહારાજ સંબંધી સાચી વિગત મેળવી અભિપ્રાય આપવા આજ્ઞા કરી.

શિવરામ વિપ્રે શ્રીજી મહારાજનાં દર્શને જઈ મહારાજને પગે લાગી તેમના વતન, જાતિ, પિતા, કુળ, ગુરૂ સંપ્રદાય, ઈષ્ટદેવ દેવદેવી વગેરે સંબંધી ૧૮ પ્રશ્નો પૂછયા. શ્રીજી મહારાજે આપેલ ઉતરોથી શિવરામ વિપ્રે શ્રીહરિ ભગવાન હોવાનો દઢ નિશ્ચય કર્યો અને સ્વયં સત્સંગી આશ્રિત બન્યા. રાજા હરિસિંહજી પણ શિવરામ વિપ્ર પાસેથી સત્ય વિગત  જાણીને શ્રીજી મહારાજનું રાજયમાં દિવ્ય સન્માન કરી સત્સંગી આશ્રિત બન્યા.

વર્તમાન શિક્ષણ પામેલા ચબરાક વકતાઓ લેખકો પણ અણઘડ વ્યકિતની જેમ વાણી વિલાસ કરતા હોય છે. એક વકતાએ સ્વામી વિવેકાનંદ માટે અણછાજતાં વાકય કહયા. સભામાં ઉપસ્થિત બહેને વકતાના વાણી વિલાસ સામે વાંધો ઉઠાવતાં, વકતાશ્રીએ કહયું, હું આ વાકયો બોલ્યો છું અને તમે મારી સામે કોર્ટમાં પગલા લઈ શકો છો. સભા પૂરી થતાં અંદર અંદરની ચર્ચામાં ફલિત થયું કે વકતાશ્રી તેમના કટાર લેખોમાં પણ હિન્દુ ધર્મની બદબોઈ કરતાં લખાણ અવાર નવાર ટાંકી દેતા રહે છે.

આવી વ્યકિતઓ દ્વારા સમાજ, ધર્મ કે સતપુરુષો સામેની ટીકા પોતાની લઘુતાગ્રંથી અને અદેખાઈનું પરિણામ હોય છે. વર્તમાન સમયે આપણા સંપ્રદાયમાં પણ એક બીજા સંતોની-આચાર્યો સુધીની નિંદા સુધી જઇને પણ પોતાના વ્યક્તિગત સ્વાર્થ સાધવાના પ્રયત્નો ચાલે છે અને આ દિવ્ય સત્સંગને પારાવાર નુકશાન થઇ રહ્યું છે માટે સત્સંગી હરિભકતોએ આવાં ભાષણો અને લેખો સામે સાવધાન રહેવું આવશયક ! જય શ્રી  સ્વામિનારાયણ



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

લેખક :
ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી

લેખાંક - ૮



प्रत्यक्षानुमानागमाः प्रमाणानि ।यो. सू.१-७ ॥

" પ્રત્યક્ષ, અનુમાન અને આગમ (શબ્દ) - આ ત્રણ પ્રમાણો છે."

આગમ પ્રમાણ એટલે વેદ પ્રમાણ, આપ્ત પ્રમાણ, ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં वेदाश्च व्याससूत्राणि ... શિ.. કહીને વેદને સંપૂર્ણ પણે માન્ય રાખ્યો છે અને તેને સૌથી ઉચ્ચું સ્થાન આપ્યું છે. શ્રીમદ્ આદિશંકરાચાર્ય, ભગવદ્ શ્રીરામાનુજાચાર્ય, શ્રીમાવાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી, શ્રીગોપાળાનંદ સ્વામી જેવા આચાર્યો પણ બુદ્ધિ એટલે કે તર્કશક્તિથી વેદને ઊંચું સ્થાન આપ્યું છે. વેદનું જ્ઞાન અબાધિત સત્ય તરીકે સ્વીકારી લેવામાં આવેલ છે. ભગવાન વેદ વ્યાસે વેદનો વિભાગ કર્યો.

વેદ મૂલતઃ એક છે, પરન્તુ મંત્રોના સ્વરૂપ અને વિષય પ્રમાણે ભગવાન વેદવ્યાસે તેને ચાર ભાગમાં વિભાગ કરેલ છે. તેથી વેદ ચાર છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. શ્રીસ્વામિનારાયણ ભગવાને આ વિષયને અમૃતરૂપી વચનોનો મહાન ગ્રન્થ જે વચનામૃતમાં સરલતાથી વર્ણવ્યો છે. વડતાલના ૧૮માં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે - વ્યાસજીતો વેદના આચાર્ય છે ને પોતે ભગવાન છે માટે આપણે તો વ્યાસજીના વચનને અનુસરવું અને તે જે વ્યાસજી તેણે જીવના કલ્યાણને અર્થે વેદનો વિભાગ કર્યો ને સત્તર પુરાણ કર્યા ને મહાભારત કર્યું તો પણ તે વ્યાસજીના મનમાં એમ થયું જે જીવના કલ્યાણનો ઉપાય જેમ છે તેમ યથાર્થ ન કહેવાયો ને તેણેકરીને પોતાના મનમાં સંતોષ ન થયો તે પછી સમગ્ર વેદ, પુરાણ, ઈતિહાસ, પંચરાત્ર, યોગશાસ્ત્ર, સાંખ્યશાસ્ત્ર તેનું સાર એવું જે શ્રીમદ્‌ભાગવતપુરાણ તેને વ્યાસજી કરતા હવા તે ભાગવતને વિષે સર્વ અવતાર કરતાં શ્રીકૃષ્ણભગવાનને જ અધિક પણે કહ્યા છે ને સર્વ અવતારના ધરનારા જે છે તેજ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન છે..... વડતાલ વ.મૃ ૧૮. આંહિયા શ્રીજી મહારાજે ભગવાન વેદવ્યાસે વેદના કરેલ વિભાગની સ્પષ્ટપણે વાત કરી છે. ભગવાન વેદ વ્યાસે વિષય આધરે વેદના વિભાગ કરીને એકમાંથી ચાર વિભાગ કરીને પ્રત્યેકનું અગલ અગલ નામ આપ્યું છે.

### ચારે વેદનો સંક્ષિપ્ત પરિચય જોઈએ

### ઋગ્વેદ

મુખ્યતઃ એક વેદ છે. તેમાંથી વિષયના આધારે ભગવાન વેદ વ્યાસે વેદને ચાર ભાગમાં વહેંચ્યા. ચાર વેદોમાં ઋગ્વેદ સૌથી પ્રાચીન છે. વિષયની દૃષ્ટિએ

ઋગ્વેદ સૌથી ગહન અને મહાત્ત્વપૂર્ણ છે. આકારની દૃષ્ટિએ ઋગ્વેદ ચારે વેદોમાં સૌથી બૃહદ્ છે. ઋગ્વેદના કુલ ૧૦ મંડલ છે. મંડલ એટલે વિભાગ. દશે મંડલ મળીને ઋગ્વેદમાં કુલ ૧૦૨૮ સૂક્તો છે. સૂક્ત એટલે મંત્રોનો એક નાનો સમુચ્ચય. દરેક સૂક્તોને પોતાના દેવતા, ઋષિ અને છંદ હોય છે. ઋગ્વેદમાં કુલ મળીને ૧૦૫૫૨' મંત્રો છે. ઋગ્વેદના મંત્રોને ઋચા કહેવાય છે. ઋચાઓ એટલે છંદો બંધ મંત્રો છે.

**ઋચાઓના મંડલમાં ૧૯૧ સૂક્તો છે.**

- પ્રથમ મંડલના દૃષ્ટા ઋષિઓની સંખ્યા ૧૫ છે. તેમાંના સાત ઋષિઓ સો - સો ઋચાઓના દૃષ્ટા છે અને ચાર ઋષિસો બસો - બસો ઋચાઓના દૃષ્ટાઓ છે. બાકીના ચાર ઋષિઓની ઋચાઓની સંખ્યા સો અને બસોની વચ્ચે છે. પ્રથમ મંડલમાં ૨૦૦૬ મંત્રો છે.
- બીજા મંડલથી આઠમા મંડલ સુધીના દરેક મંડલના બધા મંત્રોના દૃષ્ટા એક એક જ ઋષિ છે.
- બીજા મંડલના ઋષિ ગૃત્સમદ છે તેમાં ૪૩ સૂક્તો અને ૪૨૯ મંત્રો છે.
- ત્રીજા મંડલનાં ઋષિ વિશ્વામિત્ર છે. તેની સૂક્તસંખ્યા ૬૨ અને મંત્ર સંખ્યા ૬૧૭ છે.
- ચોથા મંડલના ઋષિ વામદેવ છે. તેની સૂક્ત સંખ્યા ૫૮ અને મંત્ર સંખ્યા ૫૮૯ છે.
- પાંચમા મંડલના ઋષિ અત્રિ છે. તેની સૂક્ત સંખ્યા ૮૭ અને મંત્ર સંખ્યા ૭૨૭ છે.
- છઠ્ઠા મંડલના ઋષિ ભરદ્વાજ છે તેની સૂક્ત સંખ્યા ૭૫ છે અને મંત્ર સંખ્યા ૭૬૫ છે.
- સાતમા મંડલના ઋષિ વસિષ્ઠ છે તેની સૂક્ત સંખ્યા ૧૦૪ અને મંત્ર સંખ્યા ૮૪૧ છે.
- આઠમા મંડલના ઋષિ કણ્વ-પ્રગાથ વંશ છે. તેની સૂક્ત સંખ્યા ૧૦૩ અને મંત્ર સંખ્યા ૧૬૩૬ છે.
- નવમા મંડલમાં ૧૧૪ સૂક્તો છે. બધાં સૂક્તો એક જ દેવનાં છે તે દેવ છે પવમાન સોમ છે. પરન્તુ ઋષિઓ અનેક છે. મંત્ર સંખ્યા ૧૧૦૮ છે. આ મંડલની ઋચાઓને પવમાની ઋચાઓ અને દર્શન કરનાર ઋષિઓને પણ પવમાની ઋષિઓ કહેલ છે.
- દશમા મંડલામાં પ્રથમ મંડલની જેમ ૧૯૧ સૂક્તો છે મંત્ર-સંખ્યા ૧૭૫૪ છે.
- વાલખિલ્ય સૂક્તોની સંખ્યા ૧૧ અને મંત્ર સંખ્યા ૮૦ છે.

ઋગ્વેદમાં મંત્રદ્રષ્ટા ઋષિઓની સંખ્યા ૪૦૩ છે. ઋગ્વેદમાં અગ્નિના મંત્રો ૨૦૧૩ છે. ઈન્દ્રના ૨૮૬૨ અને સોમના ૧૭૭૫ બાકીના ચાર હજાર મંત્રોમાં મરુતો, વિશ્વદેવો, અદિતિ, આદિત્યો. ભગ, પૂષા, મિત્ર, વરુણ, અર્યમા આદિનો સમાવેશ થાય છે.

ઋગ્વેદના વિશેષજ્ઞ ઋત્વિજને હોતા કહે છે.તેમનું કામ ઋગ્વેદનાં સૂક્તો દ્વારા દેવોને નિમંત્રણ આપવાનું છે.

ઋગ્વેદની વિદ્યામાન શાખાઓ બે છે. શાક્લ અને બાષ્કલ. શાક્લ શાખા વિશેષ પ્રચારમાં છે.

ઋગ્વેદનો વિષય ---

આ વેદમાં સૂક્તો દ્વારા ઈશ્વર-વિભૂતિની સ્તુતિઓ કરાયેલ છે. આ સ્તુતિઓ દ્વારા સૃષ્ટિનું રહસ્ય પ્રકાશિત થયેલ છે.

ક્રમશઃ

## તા.૫-૭-૧૨ થી તા.૪-૮-૧૨ સુધી કચ્છમાં કથા પારાયણો

તા. ૫-૭-૧૨, અષાઢ વદ ૨ થી ૫ દિવસ સુખપર
તા. ૫-૭-૧૨ અષાઢ વખ ૨ થી ૫ દિવસ ભુજ
તા. ૧-૮-૧૨ શ્રાવણ સુદ-૧૪ થી ૫ દિવસ કોડકી
તા. ૩-૮-૧૨ શ્રાવણ વદ ૧ થી ૫ દિવસ સુરજપુર

# પૂનાના બાપુ ગોખલે દિવાન અને નીલકંઠ વર્ણીનો સંવાદ

– લે.રસિકભાઇ રા.ગોળવિયા – સુરત

નીલકંઠવર્ણી મહાપ્રભુ વનવિચરણના છેલ્લા તબકામાં મહારાષ્ટ્રમાં પુના પધારે છે. મુમુક્ષુઓને દર્શન આપતા, ધરાને પરમ પવિત્ર કરતા. પૂનાના રાજ્યના દિવાન બ્રાહ્મણ બાપુ ગોખલેને ત્યાં તેના બગીચામાં ઉતરે છે. બાપુ ગોખલે બુધ્ધિશાળી હતા જીવન ધર્મ પરાયણ હતું. શુધ્ધ મુમુક્ષુ હતા. અને ભગવાનમાં શ્રધ્ધા રાખવા વાળા હતા જેથી નીલકંઠવર્ણી થોડો સમય ત્યાં રોકાયા હતા. બાપુ ગોખલે અને એમના પત્ની ભગવાનની ભક્તિ કરતા અને પરોક્ષભાવથી ભક્તિ કરતા. નિલકંઠવર્ણીને મહાન તપસ્વી જાણી પોતાના બગીચામાં રોકી હેતથી પ્રેમથી પ્રભુની સેવા કરતા. અને નીલકંઠને વાર્તા પૂછતા જેથી નીલકંઠ અષ્ટાંગ યોગ સાધ્યો વનમાં પર્વતે વિચર્યા તે બધી જ વાતો કહેતા.

દિવાન અને તેમના પત્ની દરરોજ ચંદન લાવી પ્રભુને અર્ચતા ફૂલ હારો પહેરાવતા. અને બાપુ ગોખલે પગચંપી કરતા. પ્રભુના ચરણોમાં સોળચિહ્નો જોઇને બાપુ ગોખલેને નીલકંઠવર્ણીમાં બહુજ પ્રેમ થયો અને ગોખલે બોલતા હે તપસ્વી વર્ણી આપ સાક્ષાત્ શ્રીકૃષ્ણ છો તે સિવાય આમ ન હોય. ભગવાન સિવાય કોઇ માયિક વિષયોમાં વિરક્ત રહી શકે જ નહી. દિવાન બાપુ ગોખલે મહાન બુધ્ધિશાળી હતો તેથી નીલકંઠને કહે – અમારા રાજા પેશવા સરકાર છે જે બ્રાહ્મણ પણ છે. માટે આપ તેને દર્શન દેવા પધારો જેથી તેનો યશ વધશે. યશ વિના કોઇ ભવ બ્રહ્માદિક – બધા દેવો પણ રહી શકતા નથી. ગોખલે વિશેષે નીલકંઠવર્ણીને કહે છે હે નીલકંઠવર્ણી કોઇ માણસ જો આપના અજાણ્યે પણ દર્શન કરે તો તેની ભવાટવીની ભટકણ ટળી જાય છે લખચોર્યાશીનું અવાગમન મટી જાય છે. કદાચ કોઇ કરોડો અશ્વમેઘ યજ્ઞ કરે તો પણ આપના સિવાય સંસારમાંથી છૂટવાનો કોઇ ઉપાય નથી. તે યજ્ઞની તુલનામાં આપના દર્શન વધારે મહત્ત્વવાળા છે.

પછી શ્રીહરિ બાપુ ગોખલેના શબ્દો સાંભળી અમૃત રસભર્યા શબ્દો બોલ્યા જે નીલકંઠવર્ણી બોલ્યા હે મહાબુધ્ધિમાન દિવાન તમોને તમારા રાજાને દર્શન કરાવવાનો ભાવ છે જે ઘણું સારું કહેવાય. આવા દિવાન રાજાને અને રાજ્યને કીર્તિવાન ગૌરવવતું બનાવે છે. પણ હે દિવાન તમારા રાજાને ખાન પાન માન એ પરમેશ્વર કરતા વધારે હોય. અને એ એમાંજ માને. તેમને પરમેશ્વર બધું જ આપે છે છતાં તેઓ ભગવાનના નામનું ઉચ્ચારણ કરતા નથી. વસ્તુમાં જે સુખ દેખાય છે તે જ ભગવાનની સેવાનું પરિણામ છે. સેવા વિના તેમાં સુખ રહ્યું નથી. ભગવાનની સેવાનું સુખ અપાર છે. અણ સમજુ માણસ સમજતો નથી. ભગવત્ સેવાનું સુખ કયારેય નાશ પામતું નથી બીજા માયિક દેવી દેવ દેવીનું અને તેની સેવાનું સુખ અલ્પ હોય છે. સેવા કરનાર પવિત્ર પણે સેવા ન કરે તો દેવ દેવી તેના ઉપર કોપે છે અને પછી તે અને તેનું બધું જ નાશ થઇ જાય છે. બધો જ વિચાર કરી પવિત્રપણે ભગવત્ સેવા કરવાથી પછી તે પ્રભુકૃપાથી નિર્ભય બની જાય છે.

હે બાપુ ગોખલે હંમેશાં સમજુ મનુષ્ય પાણી આવ્યા પહેલાં પાળ બાંધવી જોઇએ પાણી આવી ગયા પછી પાળ બંધાય નહીં અને હેરાન થવાય તેવી જ રીતે પરમેશ્વરે લોકોને સુખી કરવા માટે નિયમરૂપી પાળ બાંધી છે જો નિયમોને લોપ કરનાર પછી બ્રહ્મા હોય તો પણ તેની લાજ રહેતી નથી. ધર્મ અનેક પ્રકારના છે પણ નિયમો જેવો કોઇ ધર્મ નથી. જો નિયમોને થોડા પણ છોડી દેવામાં આવે તો અવશ્ય અંત્યત દુઃખ આવે કદાચ બ્રહ્મા, નારદ, ચંદ્ર જેવા હોય તો પણ નિયમનો ભંગ કરે તો તેનો આપ યશ થયેલો છે.

પેશ્વાના દિવાન પૂનાના બાપુ ગોખલેએ નીલકંઠવર્ણીના મુખે આવી વાત સાંભળી દિવાન બુધ્ધિશાળી હોય શ્રીહરિને અંતર્યામી જાણ્યા અને કહ્યું આપ કોઇ દેવ છો મારો ઉધ્ધાર કરવા જ સામે ચાલીને આવ્યા છો મને આમ

અત્યારે જ્ઞાન થયું છે હું આપને શરણે-ચરણે આવ્યો છું. આપ મને આપને શરણ-ચરણે રાખો મને કાળથી બચાવી લો, મારું કયું એવું પૂણ્ય હશે કે આપ અહીં પધાર્યા મારા ઘણાં જ ધન્યભાગ્ય છે. આવું ભાગ્ય કયારેય મળે જ નહીં. નિલકંઠવર્ણીએ દિવાનને ઘણો જ ખપ જોયો જાણ્યો તેથી શરણે લીધા. વર્તમાન ધરાવી કાનમાં અષ્ટાક્ષર મંત્ર આપ્યો. ગોખલેના હૃદયમાં શાંતિ થઇ આનંદ અનુભવ્યો. તેજમાં વર્ણીના દર્શન થયા જરૂર પરબ્રહ્મ છે તેવો નિશ્ચય થયો તેમાં કોઇ સંદેહ નથી.

# ચાતુર્માસનાં નિયમ

<u>- શિલ્પા વી. ગોગારી (ગડાણી)</u>

નિયમ એટલે નિયમ-નિયમ પાળવામાં તકલીફ પડે કે ગમે તેવી મુશ્કેલી આવે પણ નિયમ ન છોડાય. સંત્સંગી માત્રે નિયમમાં દઢ રહેવું જોઇએ. જેમ સંત્સંગીને લગતા નિયમ હોય છે, ભગવાનની ભક્તિ માટેના નિયમ હોય છે તેમ ચાતુર્માસમાં પણ નિયમ લેવાના હોય છે. આપણા ઇષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજ છેક બાળપણથી આપણા ઉપદેશ માટે ચાતુર્માસના નિયમ લેતા.

ઘનશ્યામ મહારાજ છપૈયામાં બિરાજતા હતા ત્યારની વાત છે. ચાતુર્માસની શરૂઆતના દિવસે સવારમાં ઘનશ્યામ મહારાજે સૌને યાદ દેવડાવી. આજે નિયમની એકાદશી છે અને સૌએ કંઇક વિશેષ નિયમ લેવા જોઇએ. પછી તો ધર્મપિતા, ભક્તિમાતા, સુવાસિની ભાભી તથા રામપ્રતાપભાઇ વગેરે સૌએ વિશેષ નિયમો લીધા.

બીજા બધાના નિયમો બરાબર ચાલતા હતા પણ મોટા ભાઇને વિશેષ નિયમ ભારે પડી ગયો. ભાઇએ એવો નિયમ લીધો હતો કે ચાતુર્માસમાં સૂર્યદર્શન કર્યા પછી જ જમવું. ચાતુર્માસ એટલે ચોમાસું. વરસાદ વરસે. ઘનઘોર વાદળાથી આકાશ છવાઇ જાય. અને દિવસો સુધી સૂર્ય દેખાય જ નહીં. એક દિવસ સૂર્ય ન દેખાયો બીજા દિવસે ન દેખાયો એટલે ભાઇને ઉપવાસ કરવો પડ્યો. આતો ચોમાસું ન જાણે ક્યારે સૂર્ય દેખાય ! પણ મુશ્કેલી થી હારી જાય તો મોટાભાઇ શેના ? નિયમ એટલે નિયમ જે શૂરવીરતાથી પાળે એજ સાચો ભક્ત ગણાય.

પછી તો બે-ત્રણ દિવસ થયા પણ સૂર્યદર્શન થતાં નથી ને ભાઇ જમતા નથી. ઉપવાસ ઉપર ઉપવાસ થવા માંડ્યાં. ઘરમાં બધા ઉદાસ થઇ ગયા. આમ કરતાં લાગલાગટ બાર ઉપવાસ થયા એક દિવસે રાતે સૂતાં પહેલાં ઘનશ્યામ મહારાજે પૂછયું ભાઇ. આવું કઠીન નિયમ તમે કઇ આશાએ લીધું છે ? મોટાભાઇ કહે બીજી કોઇ આશા નથી પણ પ્રત્યક્ષ સૂર્યદર્શન કરવાની ઇચ્છા ખરી.


ત્યાં તો ઘનશ્યામ મહારાજની ઇચ્છાથી પ્રત્યક્ષ સૂર્ય રથમાં બેસીને ચોકમાં ઊભા રહ્યા. મોટા ભાઇને શંકા થઇ કે સૂર્યમાંતો પ્રકાશ ખૂબ જ હોવો જોઇએ. ત્યાં તો સૂર્યે પોતાનો સહેજ પ્રકાશ બતાવ્યો ત્યાં તો પ્રકાશ પ્રકાશ થઇ ગયો. પછી ભાઇને ખાત્રી થઇ. પછી સૂર્યની પૂજા પ્રાર્થના કરી. પછી સૂર્યે સાક્ષાત્ ઘનશ્યામ મહારાજની પૂજા કરી.

સુવાસીની ભાભીએ સૂર્યને દૂધ આપ્યું. સૂર્યે પ્રસન્ન થઇને તે દૂધ પીધું. પછી ઘનશ્યામ મહારાજની આજ્ઞા લઇને રથમાં બેઠા. જ્યાં રથ ચલાવ્યો કે તરત જ મધ્યાહ્‌ન સમય જેવો પ્રકાશ આખા ગામમાં દેખાયો. ઘરોઘરમાંથી માણસો દોડીને આવ્યાં. પછી રાત્રે માતાજીએ રસોઇ કરીને મોટાભાઇને જમાડ્યાં.

આ ચરિત્રનો સાર એ છે કે હરિભક્તોએ નાના-મોટા દરેકે ચાર્તુર્માસના નિયમો લેવા જોઇએ. અને તે નિયમો ભગવાનની ભક્તિ, દર્શન, ઉપાસના, વાંચનના જ લેવા. જે શિક્ષાપત્રી શ્લોક ૭૬-૭૭માં શ્રી હરિએ સ્વયં બતાવ્યાં છે.

જય શ્રી સ્વામિમિનારાયણ

# ''સાત્ત્વિક પ્રકૃતિ''નું મહત્ત્વ



અધ્યાત્મ શાસ્ત્રોમાં માણસની ત્રણ પ્રકારની પ્રકૃતિનું વર્ણન જોવા મળે છે. (૧) રાજસી પ્રકૃતિ (૨) તામસી પ્રકૃતિ અને (૩) સાત્ત્વિક પ્રકૃતિ. જેમાં ઉત્તમ પ્રકૃતિ તે ''સાત્ત્વિક પ્રકૃતિ'' છે. જીવનમાં ડગલે ને પગલે સફળતાના શિખરો સર કરવા માટે સાત્ત્વિક પ્રકૃતિના માણસો સમાજમાં બહુ ઓછા જોવા મળે છે.

માણસની યોગ્યતાનો આધાર તેની જ્ઞાતિ, જાતિ, કુળ, વિદ્યા, તપ અને સામાજિક પ્રતિષ્ઠા ઉપર અવલંબિત છે. માણસને માત્ર તેની માલ-મિલ્કત, ધન-દોલતના આધારે જ પ્રતિષ્ઠિત ગણવામાં ઘણીવાર ભૂલ-ચુક થવાનો સંભવ રહેલો છે. માનવીની કિંમત તેની વાણી સાથે ખૂબ જ સંકળાયેલી છે.

માનવીનું બાહ્ય વ્યકિતત્ત્વ કદાચ આપણને આંજી દે તેવું હોઇ શકે છે. પણ તેનું સાચું વ્યકિતત્વ તેના આંતરિક વ્યકિતત્વ પર આધાર રાખે છે. જેમ જેમ તેની વાણી પ્રગટ થાય છે તેમ તેમ તેની પ્રકૃતિનો ખ્યાલ આવે છે. માણસમાં રહેલો સત્સંગ - સંસ્કાર તેની વાણીમાં જણાઇ આવે છે. જેનો આપણને વારંવાર અનુભવ થાય છે.

સાત્ત્વિક પ્રકૃતિના માણસો દરેકને માન આપીને બોલાવતા હોય છે. જેમાં કોઇ ખર્ચ થતો નથી. આપણા રોજ બરોજના સામાન્ય વ્યવહારમાં દેશ-કાળ પ્રમાણે સામા માણસની પ્રતિષ્ઠા જળવાય તે રીતે તેને બોલાવવો જોઇએ. વિવેક સભર સાત્ત્વિક પ્રકૃતિ ધરાવનારને આ કળા હસ્તગત હોય છે. જેનું અનુકરણ કરવું જોઇએ.

આપણે હંમેશાં એ યાદ રાખવું જોઇએ કે બીજાઓને માન-સન્માન આપવાથી જ તે પાછું આપણને મળતું હોય છે. જગતમાં આપ્યા સિવાય કંઇ મળતું નથી.

સૌના હિતનો વિચાર કરનાર સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયના આચાર સંહિતા ગ્રંથ ''શિક્ષાપત્રી''માં આજ્ઞા ''૬૮''માં આ પ્રકારની સમજ કેળવવા આપણને અનુરોધ કરેલો છે. જે આપણે જીવન પર્યંત વારંવાર વાંચીએ છીએ પણ તેનો જીવનમાં કેટલો ઉપયોગ કરીએ છીએ ? તે ચિંતનની બાબત છે. જો તેને જીવનમાં અમલમાં મૂકીએ તો કોઇનીય સાથે ડખા, ઝઘડા, કજિયા, કંકાસ, અણબનાવ, કે અબોલા લેવાનો વખત આવે જ નહિ. છે ને સો ટકા ફાયદાની વાત.

કોઇને તેની પાત્રતા કરતાં વધારે માન અપાય નહિ. વડીલોને આદરથી બોલાવાય. નાનાને નમ્રતાથી બોલાવવા જોઇએ. મિત્ર ને સરખા ભાવથી બોલાવી શકાય. આપણાં નોકર ચાકરને તેના પરિવાર-સગાં-સંબંધીઓની હાજરીમાં માનથી બોલાવવા જોઇએ. સત્સંગમાં એક બીજાને અંતરના હેતથી... માનપૂર્વક બોલાવવા જોઇએ.

કોઇ વિકલાંગ હોય, અભણ હોય, ગરીબ હોય, કુળથી ઉતરતો હોય તો તેની મશ્કરી ન કરવી પણ તેને સ્નેહથી બોલાવવો જોઇએ. આ ટેવને વિકસાવવી જોઇએ.

કદાચ કોઇ સંત મહાત્મા આપણને આપણી નાની કે મોટી ભૂલ ઓળખાવે, આપણને જાહેરમાં બે કડવા-મીઠાં વચન કહે તો પણ તેમનું અપમાન ન કરાય. તેમનો ગુણ લેવાય. કારણ કે આ જગત-જગતના માણસો સ્વાર્થી હોઇ શકે પણ, ભગવાન કે સંત ને આપણામાં લગારેય સ્વાર્થ હોતો નથી જ. તેમના સિવાય આપણા હિતચિંતક બીજા કોઇ નથી જ. તેનું જાણપણું જીવન પર્યંત રાખવું.

જય શ્રી સ્વામિનારાયણ

- રમણ ગજ્જર - ભુજ.

# સંસાર સ્વાર્થમય છે

- કૃપા પ્રકાશ ગોર

વ્હાલા વાચક મિત્રોને જય શ્રી સ્વામિનારાયણ ! આજે આપણે સંસાર સ્વાર્થમય કેવી રીતે છે તેના વિશે જાણીશું. આજના આ સાંસારિક યુગમાં દરેક મનુષ્યને કોઇ ને કોઇ પ્રકારનો સ્વાર્થ હોય છે. સ્વાર્થ વગર કંઇ પણ કામ થતું નથી. આપણે ખૂબ ભણીએ છીએ સારી નોકરી મળે તે માટે, મનુષ્ય નોકરી કરે છે પૈસા માટે આમ દરેક મનુષ્ય પોતાના નિજી સ્વાર્થ માટે કાર્ય કરતો હોય છે. આજના યુગમાં સ્નેહના સંબંધો કેવા ઉપર ચોટિયા, તકવાદી હોય છે. માણસ સ્વાર્થ માટે ઉપકારને ભૂલી જઇ, પોતાના આધાર સ્તંભને નિર્મૂળ કરી નાખે છે. આ જગતમાં કોઇ કોઇનું નથી. સ્વાર્થને લીધે બધા રડે છે, એ વાત પરથી એક દૃષ્ટાંત લઇએ.

એક ગામમાં વીસ-બાવીસ વર્ષનો છોકરો દરરોજ સંત સમાગમ માટે જંગલમાં નિવાસ કરતા એક મહાત્મા પાસે જતો. સાંજ પડે એટલે મહાત્માની પાસે ઘેર જવાની આજ્ઞા માંગે. એમ કરતાં એક વખત મહાત્મા એ પૂછયું કે તું દરરોજ સાંજના અંધારું થયે કેમ ચાલ્યો જાય છે. છોકરાએ કહ્યું, રાત્રિના સમયસર ઘરે ન પહોંચું તો ઘરના બધા માણસોને ચિંતા થાય. મહાત્મા હસ્યા અને કહ્યું, તું શું નાનું બાળક છે, કે બધા ચિંતા કરે. મારા મા - બાપ, સ્ત્રી વગેરેને મારામાં હેત પ્રીતિ છે ત્યારે મહાત્મા એ કહ્યું, ''ભાઇ, આ દુનિયમાં કોઇ-કોઇનું નથી. તેથી જ એક ભજનમાં કહ્યું છે કે -''

''કોઇ - કોઇનું નથી રે, કોઇ કોઇનું નથી રે,
અલ્યા નાહકના મરો બધા મથી-મથી રે.
કોઇ કોઇનું નથી રે...
એકલાં આવ્યાને, એકલા જવાના,
શું લઇ આવ્યાને, શું લઇ જવાના,
ગયા એના કોઇ સમાચાર નથી રે.
કોઇ કોઇનું નથી રે...''

છોકરાએ કહ્યું બીજી જગ્યાએ તેવું હશે પરંતુ મારે ત્યાં તેમ નથી. મહાત્મા કહે, પરીક્ષા કરવી છે. છોકરો કહે હા. મહાત્મા તેને એક પડીકું આપે છે જે ખાવાથી ખાનારની સ્થિતિ જેવી હોય તેવી રહે, પણ જોવા વાળાને મરણતોલ અવસ્થાની ભ્રાન્તિ થાય છે. છોકરો તે પ્રમાણે કરે છે. ઘરના બધાં લોકો આવી સ્થિતિ જોઇ રૂદન સાથે કલ્પાંત કરવા લાગ્યા. આ જોઇ છોકરાએ ધીમેથી તૂટતે સાદે કહ્યું કે મારા એક ગુરુશ્રી છે તેને બોલાવો. તેઓ પાસેના જંગલમાં રહે છે. મહાસમર્થ યોગી છે તે મારો વ્યાધિ મટાડવાનો ઉપાય બતાવશે. તેની વાત સાંભળી મહાત્માશ્રીને બોલાવવામાં આવ્યા. પ્રથમ થી કરી રાખેલા સંકેત પ્રમાણે બનાવટી નિદાન કરી કહ્યું આ યુવાન બચે તેમ નથી એને કશો રોગ નથી પણ બલાનો વળગાડ છે આ સાંભળી કુટુંબીઓ અસહ્ય કલ્પાંત કરવા લાગ્યા. મહાત્માએ આશ્વાસન આપતા કહ્યું, પાત્રમાં પાણી લાવો. સાત વખત છોકરા ઉપર ઉતારી કહ્યું વિધિ પૂરો થયો. છોકરો બચી જશે, પણ તમારામાંથી એક જણ આ પાણી પીએ તો ત્યારે બધા પોતપોતાને બચાવ કરવા છટક બારી શોધી કાઢે છે. અને મહાત્માને કહે છે આપનું શરીર પરોપકાર માટે નિર્માણ થયેલું છે આપ આ પાણી પી જાઓ. મારા દીકરાને બચાવો. અમે આપશ્રીની સમાધિ બનાવશું, આપનું નામ અમર રાખવા ગમે તેટલો ખર્ચ કરીશું. આ પરથી મહાત્માએ છોકરાને સંબોધીને કહ્યું, જો તારા માટે તારા કુંટુંબનો કેટલો અથાગ પ્રેમ છે ? તે જોયું ને છોકરો ખૂબ સંસ્કારી હતો. વર્તનના અનુભવે પૂર્વનું જ્ઞાન ઉદય થતાં તે જ વખતે તેણે સંસારનો ત્યાગ કર્યો અને ગુરુ સાથે ચાલી નીકળ્યો.

શ્રુતિમાં કહ્યું છે કે જે દિવસે વૈરાગ્ય થાય તે જ દિવસે સંન્યાસ લેવો.

કહેવાનું તાત્પર્ય એટલું જ કે જગતમાં બધા પોતાના સ્વાર્થ માટે એક બીજા તરફ લાગણી રાખે છે. દરેક મનુષ્ય સ્વાર્થી છે અને જગત આખું સ્વાર્થમય છે. માટે સાચા સગા સંતો અને ભક્તો છે માટે એમની સાથે હેત રાખી પ્રભુ ભજવા.



# સત્સંગમાં પડ્યા રહેવું

સત્સંગનો યોગ જ એવો છે જે મોડો કે વહેલો અસર જરૂર કરશે. સત્સંગ ગમે ત્યારે પણ સારું વર્તન કરાવશે અને કલ્યાણનો સાચો માર્ગ દેખાડશે માટે હંમેશાં સત્સંગમાં પડયા રહેવું. સત્સંગથી દુર ન રહેવું. સત્સંગનો જોગ મંગલકારી છે. સત્સંગમાં બરાબર વર્તાય નહિ તોય વ્યાધિ નહિ, પણ સત્સંગ કોઇ પણ કારણોથી છોડવો નહિ.

ગમે તેવો કામી, ક્રોધી કે ઓપટ જીવ હોય પણ જો હંમેશને માટે સત્સંગમાં પડ્યો રહે તો મોડા વહેલા એના સઘળા વિકાર ટળી જશે. મનુષ્ય ગમે તેવો કામાદિકને વિષે આસકત હોય પણ સત્સંગમાં પડયો રહે તો એ વિષય સુખ ભોગવવાની લાલસાથી આપોઆપ દૂર થઇ જશે. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત સત્સંગ કરવો એથી બીજું કોઇ મનને સ્થિર થવાનું કે નિર્વિષયી થવાનું અન્ય કોઇ સાધન નથી. સત્સંગનો યોગ સદાયને માટે રાખવો. પણ એનાથી ગભરાઇને દૂર ન રહેવું. સત્સંગનું ફળ જ એવું ચમત્કારી છે કે એનો યોગ વધારવો એજ ઉન્નતિનો સાચો ઉપાય છે.

સત્સંગમાં ભગવાનની લીલા-ચારિત્રોની વાતો સાંભળી, ભગવાનની મૂર્તિનું સ્મરણ કરવું. ભગવાનના નામનો પાઠ કરવો એ મંગલકારી છે. ખુદ ભગવાનનું નામ જ પવિત્ર અને આનંદદાયક છે. ભગવાનની મૂર્તિ જ મંગલમય છે. જેથી કરીને થોડો સમય મલે અને સત્સંગમાં મનને પરોવી દેવું. સત્સંગનું ફળ ભલે આપણને તાત્કાલિક દેખાતું નથી પણ એની અસર આપણા અંત:કરણ ઉપર થયા વગર રહેતી નથી. એક દિવસ એની અસર જરૂર ફળ રૂપે દેખાશે.

કથા-વાર્તા કે સંત સમાગમની અસર તો કાળની અસર જેવી છે તે તાત્કાલિક ખબર ન પડે પણ વખત આવ્યે એની અસર જણાય.

ઘણી વખત તો ખોટો હાઉ મનને સતાવે છે તેથી કરીને મનને સત્સંગથી દૂર રાખે છે. એ વાસ્તવિકતામાં આપણી ગેરસમજણ છે.

આપણું મન ખોટી સમજથી અને ખોટી બીકથી મોટું નુકશાન કરાવે છે. માટે હંમેશાં વાતનો સવળો વિચાર લેવો પણ નાહકના ગભરાવું નહિ. જીવનમાં મનની ખોટી માન્યતાઓ કે ભય માનવીને નાહકના દુ:ખી કરે છે. અને કલ્યાણ માર્ગથી દૂર રાખે છે.


મનના ખોટા ખ્યાલોને વશ થઇને આપણે સત્સંગથી દૂર ભાગીએ છીએ એની ખોટ આપણને જ છે. સત્સંગ અમૃત જેવો છે. પળે પળે ભગવાનની મૂર્તિનો સંબંધ કરી આપે છે.

આપણને પરબ્રહ્મ પરમાત્માનો યોગ મલ્યો. એમની મૂર્તિ આપણને આપી. છતાંય આપણે મનના કલ્પિત ડરથી કે અણસમજણથી એમનો આશ્રય ન કરી શકીએ તો આપણે મોટી ખોટ રહી જાય. એ સઘળી ખોટ સત્સંગમાં પડયા રહેવાથી દૂર થાય છે.

- ડો.એચ.વી.કેરાઇ, અંજાર -કચ્છ.

# મોક્ષદ્વાર છે શિક્ષાપત્રી

– હિંમ્મતભાઇ કે. ઠક્કર / લાલજીભાઇ વી. હિરાણી



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શિક્ષાપત્રી સૌ ભક્તોને વિદિત છે પણ એ જાણવું જરૂરી છે કે 'શિક્ષાપત્રી' એટલે શું...?

શિક્ષાપત્રીમાં બે શબ્દો શિક્ષા-પત્રી જોડાયા છે. શિક્ષા એટલે અધ્યયન, તાલીમ, સૂચના અને શિક્ષણ. જે અશિક્ષિત છે તેમને કેળવણી આપવી.

પત્રી એટલે પત્ર, પત્તી, ચિઠ્ઠી, ઇત્યાદિ. આ બધા શબ્દોનો અર્થ છે લખનાર અને વાચનારનું મિલન અને તે દ્વારા મળતા આનંદનો લ્હાવો લેવો.

આમ શિક્ષાપત્રી એ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો સર્વોત્તમ 'બોધગ્રંથ' છે.

પ્રત્યેક સંપ્રદાયના માર્ગદર્શક ગ્રંથો હોય છે. સનાતન ધર્મના વેદો, પુરાણો, ઉપનિષદો, શ્રુતિ અને સ્મૃતિઓ ઇત્યાદિ. ખ્રિસ્તી ધર્મનું બાઇબલ, ઇસ્લામનું કુરાને શરીફ તથા શીખોના ગરૂગ્રંથ સાહેબ વગેરે.

આ મૃત્યુલોકમાં જીવમાત્રની ઉત્પત્તિ અને લયની વચ્ચેનો સમય- જીવકાળ કહેવાય છે. આ જીવનકાળ દરમિયાન જીવમાત્ર સુખિયા થાય અને કરેલાં કર્મોથી છુટકારો મેળવી શકે અને નવાં કર્મો ન બંધાય તે માટે મન ફાવે તેમ આડેધડ જીવન ન જીવતાં કોઇ ચોક્કસ મર્યાદામાં રહીને એટલે કે પરમાત્માના ગમતામાં રહીને પોતે જીવન જીવે અને બીજાને શાંતિથી જીવવા દે તે સમગ્ર માનવજાતના હિતમાં હોઇ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમના શ્રેષ્ઠતમ બોધગ્રંથ શિક્ષાપત્રી દ્વારા સરળ રસ્તો બતાવ્યો છે.

ચોર્યાસી લાખ જીવયોનિના વિષ ચક્રમાંથી પ્રભુકૃપાએ મનખા દેહ આ જન્મે મળેલ છે. વળી, પ્રભુએ માનવીને અતિશક્તિશાળી હથિયારો મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારથી નવાજ્યા છે. આજના શૈક્ષણિક અને વૈજ્ઞાનિક યુગમાં બુધ્ધિજીવી માનવ માટે આ બોધગ્રંથ શિક્ષાપત્રી માનવની સાંપ્રતકાળની ઇચ્છાઓ અને અપેક્ષાઓને પણ સાચે રસ્તે વાળી મોક્ષમાર્ગી બનાવી શકવાની સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે.

સત્ય અખંડ, સર્વત્ર અને સનાતન હોય છે. પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં શિક્ષાપત્રીમાંના લખાણો પણ અખંડ, સર્વત્ર અને સનાતન સત્ય છે. અમૃતમય છે અને આ હળાહળ કળિયુગમાં રોજબરોજ હળાહળ વિષપાન કરી રહેલા જીવને સ્વસ્થતા, શાંતિ, અને સમતા અવશ્ય આપી શકે છે.

માનવ પર રોજેરોજ ધોધમાર વરસતા આર્થિક, સામાજિક, રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક ઝંઝાવાતો સામે દૃઢ ઇચ્છાશકિત, સહિષ્ણુતા નીરક્ષીર ન્યાય બુધ્ધિ અને આ વર્તમાન જન્મને સફળ બનાવી આ જ જન્મે મોક્ષમાર્ગે ડગ માંડવાની આવડત તથા જો કર્મ સંયોગે મોક્ષ લંબાય તો આવતા જન્મ ને પણ સુધારી લેવાની તૈયારી જેવા અગણિત સદ્ગુણોથી સમૃધ્ધ કરી શકે છે. શિક્ષાપત્રીનું રોજીંદું વાચન અને તેને અનુરૂપ જીવન જીવવું તે.

આજનો બુદ્ધિજીવી માનવ પોતાનું ભલું-બૂરું સારી રીતે સમજી શકે છે. શું તે ધર્મથી અળગો રહી માયાવી વિચારોથી તણાવી આડેધડ જીવી શકે ખરો...? અનેક પ્રકારની જાહેરાતોથી તેના માથે ઠોકાતા અસત્યોને સ્વીકારી પરમ-સત્યને નકારી શકશે ખરો...? પાંચ-પચ્ચીસ વર્ષોનાં આગોતરાં આયોજન કરનારો ખમતીધર માનવ પોતાના ક્ષણિક સુખો ભોગવવા આ મોંઘેરા મનુષ્યદેહને ધૂળધાણી થવા દેવા તૈયાર થશે ખરો...?

આ અને આવા અગણિત સવાલો માનવ સામે-મોટો હાઉ- બની ઊભા છે ! પ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાને તેમનાં વરદ્ હસ્તે લખેલી શિક્ષાપત્રીમાં આવા તમામ પ્રશ્નોનાં સત્યસભર જવાબો આપ્યા જ છે. સ્વયં પરમાત્માનો તે આદેશ છે.

શિક્ષાપત્રી એટલે અબુધોને આપેલો બોધ. સમજુને અપાયેલ શાણપણ. અજ્ઞાનીને આપેલું જ્ઞાન. અધર્મીઓને ચીંધેલો ધર્મ. ભલા, ભોળા અને દઢવિશ્વાસુ ભક્તને મોક્ષ મેળવવાની હૈયાધારણ. પરમાત્માએ જીવાત્માને લખેલ પ્રેમપત્ર...!

તેથી જ હૃદય ઠાલવી કહેવું પડે છે –

''પ્રભુ તમે છો અંતરયામી,
પરમધામના તમે જ ધામી.
બન્યા અમે માનવ, વિષચક્ર વામી,
કરશે શિક્ષાપત્રી સૌને મોક્ષગામી.''

# મારા તમે ! તમે છો ને !

સૌરાષ્ટ્રના નાનકડાં બાલા ગામના હરિભક્તોના આનંદનો પાર નથી. સૌ શ્રીહરિને આવકારવા આતુર બન્યાં છે.

સવારે નવ વાગ્યે શ્રીજી મહારાજની પધરામણી થઈ. ભાગોળે આખું ગામ શ્રીહરિને પોંખવા જાણે ભેગું થયું. એમાં ગામનાં એક વૃધ્ધ બાઈ પણ હતાં. શ્રી સ્વામિનારાયણ ભગવાનને એમણે પહેલી વખત જ જોયા. એ બાઈની આંખો શ્રી હરિના સોહામણા વદન કમળ ઉપર ભ્રમરની જેમ ચોંટી ગઈ ! અનિમિષ નયને શ્રીહરિને નીરખવાં લાગ્યાં.

''મા શું વિચારો છો ?'' મહારાજે મલકતા મલકતા પૂછયું. 'વિચારું છું કે મારે તમને કંઈક આપવું છે, પણ શું ધરવું ? મહારાજ તમે જ કહોને તમને શું આપું ?'' બાઈએ સહજ ભાવે વળતો પ્રશ્ન પૂછયો ! મહારાજ મલકાયા એમના મુખનો બોલ સાંભળવા સૌ આતુર બન્યા.

''મા તમારો આટલો આગ્રહ જ છે તો કહું છું કે તમને જે વહાલામાં વહાલું હોય તે અમને આપો !''

આપ્યું ! આટલું કહી બાઈ ત્યાંથી નીકળ્યાં ને પોતાને ઘેર આવ્યાં. આંગણે ઉભેલી કપિલા ગાયનો વિચાર કર્યો. પછી ઘરમાં લાકડાના મોટા પટારામાં જીવનભરની પુંજી એવા રૂપિયા અને દાગીના અર્પણ કરવાનો વિચાર થયો. ત્યાં જ એ બાઈના બે દીકરા બહારથી આવ્યા અને દોડતા આવી માના પાલવને પકડીને કહે ''મા તું અહીં ઊભી ઊભી શું કરે છે ?'' બાઈએ તરત જ બેઉ છોકરાઓને ગોદમાં લઈ લીધા. એમનાં મોમાંથી શબ્દો સરી પડયાં પટારા કરતાં તો આ બંને દીકરા મને ખૂબ વ્હાલા છે. હું મહારાજને બંને દીકરાઓ જ આપું. બાઈએ વહાલથી છોકરાઓના મસ્તક ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું ''ગામમાં શ્રીજી મહારાજ પધાર્યા છે.'' અમને ખબર છે મા, અમે એમના દર્શન કરવા ગયા હતા. બાળકો બોલ્યા. ''હું એમને પગે લાગી અને મેં કહ્યું મહારાજ હું તમને શું આપું ?'' ત્યારે મહારાજ કહે કે તમને જે વહાલામાં વ્હાલું હોય તે આપો. અને મને વહાલામાં વ્હાલા તો તમબિ દીકરા છો. માનું અંતર બોલી ઉઠયું.

છોકરાઓએ કહ્યું તે અમને દઈ દો ! પછી મહારાજ અમને સાધુ કરશે નહી મા ? અમને એમની સેવામાં રાખશે એ તો બહુ રૂડું ! દીકરાઓનો ત્વરિત સમર્પણ ભાવ જોઈ વૃધ્ધ માની આંખોમાં સંતોષ અને હર્ષનાં આંસુ આવી ગયાં.

તત્કાળ બંને દીકરાઓની આંગળી પકડી એમને લઈ બાઈ મહારાજ પાસે આવ્યાં. હજુ સભામાં વાર્તા ચાલી રહી હતી. બાઈ પગે લાગી બોલ્યાં, લ્યો મહારાજ ! મારી વહાલામાં વહાલી જણસ આ બે મારા દીકરા છે તે તમને સોંપું છું. અર્પણ કરું છું. આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. જે બાઈને આપણે ગાંડી ગણતા હતા તે મહારાજને આ શું આપી રહી છે ? દીકરાઓ આપ્યા પછી આ વૃધ્ધ વિધવા બાઈની જિંદગીનું શું ? સૌ અચંબાભાવે આ અદ્‌ભૂત ત્યાગને નિહાળી રહ્યા.

બાઈએ તરત જ જવાબ દીધો 'મારા તમે ! તમે છો ને !' હું ખોટનો ધંધો નથી કરતી હોં !


શ્રીહરિ આ બાઈની શ્રધ્ધા ઉપર વારી ગયા. વૃધ્ધ વયે આવો અદ્‌ભૂત ત્યાગ જોઈ મહારાજ અતિ રાજી થયા. મહારાજ બોલ્યા, સાચું કહું મા, અમારા ઉપર શ્રધ્ધા રાખવામાં અમારો ભક્ત કયારેય ખોટનો ધંધો નથી કરતો. જેવા અમે છીએ તેવા જ અમારા ભક્તો છે, ધન્ય છે મા તમને !

શ્રીહરિએ બેઉ દીકરાઓનો સહર્ષ સ્વીકાર કર્યો દીકરાઓ સાધુ બની મહારાજની સેવામાં કાયમ રહ્યા.

સંધ્યા આરતીની ઝાલરો રણકી રહી. બાલા ગામ આજે આ વૃધ્ધ બાઈના ત્યાગથી ધન્ય બની રહ્યું.

– અતુલ બી. પોથીવાલા (મેમનગર–અમદાવાદ)

# તીર્થક્ષેત્રનું ફળ અને નિયમો



ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ એમના દર્શન કરવાને અર્થ જાય ત્યારે માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહીં તથા પોતાના ગુરુ તથા મંદિરના જે સ્થાનક તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ, કેમ કે પારકું અન્ન પોતાના પુણ્યને હરિ લે તેવું છે. માટે પોતાની ગાંઠનું ખરચીને ખાવું.

મંદિરમાં જમ્યા હોય તો તેના બદલામાં ભેટ આપવી તે તેને તીર્થનું ફળ મળે છે.

મંદિરમાં ઉતર્યા હોય, જમ્યા હોય ને મંદિરમાં ભેટ કરાવ્યા વિના તીર્થમાં અથવા સમૈયે જઈ આવે તો તેને તીર્થ ફળ અથવા સમૈયાનું ફળ મળતું નથી.

ભગવાનના દર્શન તથા સમૈયામાં આવીને સાચા સંતનો સમાગમની તેમજ શ્રીહરિની મૂર્તિના દર્શનને પાંચ વખતની આરતીમાં મૂર્તિના દર્શન વિગેરેનો લાભ અવશ્ય લેવો જોઈએ. કેમ કે આપણે મંદિરે દર્શન માટે ભાડુ ખર્ચીને તથા તકલીફો વેઠીને આવ્યા છીએ, તેનો વિચાર કરવો.

તીર્થમાં અથવા સમૈયામાં શ્રીહરિના દર્શન માટે આવ્યા છીએ તો નીચે મુજબ નિયમો રાખવાના સત્સંગી જીવનના બીજા પ્રકરણના અધ્યાય ૪૦માં જણાવ્યા છે. તેની વિગત :

(૧) અન્ય સ્થળે જે પાપ કરેલું તે તીર્થ સેવનથી વિનાશ પામે છે. પરંતુ તીર્થમાં જઈને પાપ કરે તો વજ્રલેપ પાપ લાગે છે તે કોઈપણ ઉપાયથી નાશ થતું નથી.

(૨) તીર્થમાં શ્રાધ્ધ તથા દાનાદિક સત્કર્મનું ફળ હજાર ગણું થાય છે, તેમજ પાપ કરવામાં આવે તો હજાર ગણું થાય છે.

(૩) તીર્થ સ્નાન કરવાથી શરીરની શુધ્ધિ થાય છે. અને સાચા સંતનો સમાગમ કરવાથી શરીર અને મનની શુધ્ધિ થાય છે, ને વિષયોમાંથી આસક્તિ ટાળવાના ઉપાયો પ્રાપ્ત થાય છે.

(૪) તીર્થમાં વિશેષપણે ક્રોધ જીતવો જો ક્રોધ ન જીતે તો તીર્થનું સુકૃત બળી જાય છે.

તીર્થમાં સ્ત્રી અને પુરુષોએ કામ વાસનાથી અરસ પરસ જોવું નહિ, કેમ કે કામવાસનાથી જોવાથી પુણ્ય બળી જાય છે. માટે ચક્ષુ આદિક ઈન્દ્રીયોને નિયમમાં રાખવા.

(૬) તીર્થમાં બધો કાળ (સમય વખત) ભગવાનની નવધા ભકિતમાં ગાળવો અને એકાંતિક એવા પુરૂષોના સમાગમ કરવો અને અને ભગવાને તે સ્થાનમાં લીલા ચરિત્ર કર્યાં હોય તે સ્થાનનાં દર્શન કરવા તથા સ્પર્શ કરવા જવું, પણ ખોટા ગામ ગપોટા મારવા કે જયાં ત્યાં ફરવું નહિ, તે જ તીર્થના ફળને પામે છે.

શ્રીહરિએ સત્સંગી જીવનમાં સ્પષ્ટ જણાવ્યું છે કે તીર્થમાં નકામો સમય ગુમાવવો નહિ.

સમૈયામાં અથવા તીર્થયાત્રામાં જઈને મંદિરની જગ્યામાં ઉતારો કરવો. બીજા સ્થાનમાં ઉતરે તો ઘણો ખરો સમય નકામો જાય. જેથી સાચા સંતનો સમાગમ અને શ્રીહરિની, મૂર્તિનાં દર્શનનો પૂરે પૂરો લાભ લેવાય.

સાચા સંત હરિ-ભકતોના સમાગમથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને મન પવિત્ર થાય છે ને નવધા ભકિત કરવાનો મહિમાં સમજાય છે, જેથી શ્રીહરિમાં પ્રીતી થવાથી જગતમાંથી પાછી વૃત્તિ વળવાથી જન્મ મરણ થકી રહિત થઈ ભગવાનના ધામને પમાય છે.

# આયુર્વેદિક સરળ ઉપચાર

## એલર્જી

- મહેન્દ્ર બી. દવે, માંડવી

આ અંગ્રેજી શબ્દ હવે પુરેપુરો સ્વદેશી થઇ ગયો છે. જેનો સાદો અર્થ 'ખાસિયત' કરી શકાય આપણને જે વસ્તુ શરીરને માફક ન આવતી હોય તે જો લેવામાં આવે, અને જે પરિણામ જણાય તેને એલર્જી કહે છે. ઘણા એમ કહેતા હોય છે કે, અમુક વસ્તુ અમને સદતી નથી. ઘણીવાર તેનું કારણ પણ સમજી શકાતું નથી જેમ કે કોઇને ચામડી પર ખંજવાળ આવ્યા કરતી હોય, ઘણી એલોપથી દવા કરે પણ ન મટવાથી એવું કહેવામાં આવે કે દૂધની એલર્જી છે. જેથી દૂધ પીવાનું બંધ કરે. પણ ખંજવાળની ફરિયાદ તો ચાલુ જ રહે છે. જેથી જાણકારના કહેવાથી થોડા સમય દૂધ ઉપરજ રાખ્યો. અને રકતશુધ્ધિ અને મળશુધ્ધિની દવાઓ આપવામાં આવી. આમ દૂધ ભાવતું હતું અને તે મળવાથી ૧૫-૨૦ દિવસમાં જ ખંજવાળ દૂર થઇ. ખરેખર તો દૂધની એલર્જી હતી જ નહીં.



એલર્જીની કોઇ વ્યાખ્યા જ નથી. નિષ્ણાંતો કહે છે કે, એલર્જી મોટે ભાગે વારસાગત હોય છે. એક એલર્જી બીજી એલર્જીને જન્મ આપે છે બે ભેગી થતાં કંઇક ત્રીજું જ થતું હોય છે. જેમ કે શરદી અને દમ મટે તો ચામડીનો કોઇ રોગ ઊભો થાય છે. કેટલાક જાણકાર કહે છે કે, ''તમો શરદીમાં નાકમાં ટીપાં મૂકવાની કોઇ દવા ન લેશો. શરદીમાં તાત્કાલિક રાહત આપે ખરાં પણ પછીથી નાકને બ્લોક કરે છે. આ ટીપાં જ એલર્જીને જન્મ આપે છે. અમુક પ્રકારનો ખોરાક, હવા, સુગંધ, દુર્ગંધ, એલર્જી જન્માવે છે. આમ આ માયા તો અનેક રૂપો ધારણ કરે છે.''

આ શરીરમાં રહેલી વૈષ્ણવી શક્તિ આપણું રક્ષણ કરે છે. પણ આપણે આપણા દોઢડહાપણથી એલર્જી છે એમ કહીને દવાઓ પેટમાં પધરાવીએ છીએ. પણ લાંબેગાળે નુકશાન કરે છે. આપણે સમજીને જે વસ્તુ માફક ન આવતી હોય તે છોડી દેવી. આજકાલ તો અનેક જાતના પરીક્ષણોના બહાને અનેક પ્રકારના ઇજેકસનો આપી એલર્જી મટાડવાનો દાવો કરતા હોય છે.

આયુર્વેદના નિદાન દ્વારા આહાર-વિહારની સૂચનાથી થોડા દિવસ ઉપવાસ, પરેજીથી મટી શકે છે. પણ આવું બધું કોઇને કરવું નથી. પરિણામે આર્થિક અને શારીરિક પાયમાલી નોતરે છે.

આજના યાંત્રિક જમાનામાં ઘણાએ રસાયણો સાથે કામ લેવાનું હોય છે. અનેક પ્રકારના રંગો, રબર કોલટાર, કોસ્મેટીકસ (સુંગધી) પદાર્થો, જંતુઘ્ન દવાઓ, ફીનાઇલ, ફોટો કેમીકલ્સ, પરાગરજ, બેકટેરીયા (જીવાણું) ખાદ્ય પદાર્થોમાં વપરાતા કેમીકલી રંગો, આમ એલર્જીનું સામ્રાજ્ય ઘણું વિસ્તરેલું છે. ટુથપેસ્ટથી ટમેટા સુધી આજની એન્ટીબાયોટિક દવાઓ પણ કારણભૂત હોઇ શકે છે. આમ મન સાથે નિર્ણય કરી યોગ્ય સાદા ઘરગથ્થુ ઉપચાર દ્વારા પોતાની કોઠાસૂઝથી એલર્જી મટાડી શકાય છે.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## પંચાહ્ન કથા પારાયણ

તા.૧૩-૬-૧૨ જેઠ વદ-૯ બુધવાર થી તા.૧૭-૬-૧૨ જેઠ વદ-૧૩ રવિ સુધી ૫ દિવસની કથા પારાયણનું સંહિતાપાઠ સહિત આયોજન કરવામાં આવ્યું.

કથા પારાયણના યજમાન પદને ગામ માધાપર નિવાસી અ.નિ. કરસનભાઇ વાઘજી પિંડોરીયા હસ્તે નારણભાઇ કરસન વાઘજી પિંડોરીયાએ શોભાવ્યું હતું.

કથાકાર પુ. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કથા પારાયણના દિવસોમાં વ્યાસભગવાને રચેલ અને ભગવાન સહજાનંદ સ્વામીને અતિશય પ્રિય એવા શ્રીમદ્ ભાગવતની કથાનું રસભર્યુ શ્રવણ કરાવ્યું. સ્વામીજીએ શાન્તિપૂર્વક સ્વસ્થમને કથા વિષયને સરળ વાણીમાં રજુ કરી સમજાવતાં શ્રોતાવર્ગે સંતોષભરી તૃપ્તિ અનુભવી.

પ.પૂ.મહંત સ્વામીએ યજમાન પરિવારને આશીર્વાદ સાથે પહેરામણી ભેટ દ્વારા સન્માન કર્યુ. મંદિરના શાસ્ત્રી મહારાજે યજમાન પરિવાર દ્વારા પૂજન વિધિ તથા આરતીનો કાર્યક્રમ સંપન્ન કર્યા પછી ધૂન અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

## પંચાહ્ન કથા પારાયણ

ગામ મદનપુરના અ.નિ.નારણભાઇ વાલજી હીરજી હિરાણીના યજમાનપદે સ.ગુ.સ્વામી ભૂમાનંદ રચિત ''શ્રી ઘનશ્યામલીલામૃત સાગર''ની કથાનું પંચાહ્ન કથા પારાયણ યોજવામાં આવ્યું. કથાનું આયોજન બાઇઓના મંદિર તેમજ ભાઇઓના મંદિરમાં કરવામાં આવેલ તથા ૪૧ મંડળ ભરવામાં આવ્યાં હતા.

કથાના વક્તા તરીકે પુ. સ્વામી દેવવિહારીદાસજીએ વ્યાસપીઠ પર બિરાજમાન થઇ કથારસિક પ્રેમી ભક્તોને ઘનશ્યામ મહારાજનાં લીલાચરિત્રોનું રસમય શ્રવણ કરાવી અંતરનો આનંદ આપ્યો. બાલગોઠિયા સાથેનાં ચરિત્રોના વર્ણને શ્રોતાઓને ખુશખુશાહાલ કર્યા.

પ.પૂ.સ.ગુ.મહંત સ્વામી એ યજમાન પરિવારનું પહેરામણી ભેટ સાથે સન્માન કરી આશીર્વાદ આપ્યા.

કથાના ચતુર્થ દિવસે યજમાન પરિવાર તરફથી ઠાકોરજીને કરાવવામાં આવેલ ફૂલના વાઘા આકર્ષક રહ્યા. પૂજારી મંડળે કલાસૂઝ સાથે ઠાકોરજીને ચોયણી, કેડીયું, મુગટ તથા છત્ર સહિત ડોલરનાં પુષ્પોની ગૂંથણીથી રમણીય બનાવ્યાં હતા. અને શણગારને રંગીન પુષ્પોની રેખાઓથી આપેલા ઓપથી દર્શનાર્થીઓ ખુશ થયા !

સમાપ્તિનું ઉત્તર પૂજન મંદિરના શાસ્ત્રીજી મહેશ ભાઇએ યજમાન પરિવાર દ્વારા કરાવ્યું તથા પોથી પૂજન, વ્યાસપૂજન અને આરતીના કાર્યક્રમો કરાવ્યા તે પછી પ્રસાદ વિતરણ – ધૂન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

– અહેવાલ : ઓ.વ્યાસ

## સંપત્તિનો સદ્ઉપયોગ

સુસંસ્કારી અને સજ્જન લોકો સંપત્તિનો સદુપયોગ કરવામાં આત્મ સંતોષ અનુભવે છે. શ્રીજી મહારાજે પણ ધન સંપત્તિ દ્વારા સત્કાર્યો કરવાનો બોધ આપેલ છે અને આ આજ્ઞાનું પાલન કરનાર હરિભકત પર શ્રીજી મહારાજ હંમેશાં પ્રસન્ન રહે છે. સ્વામી ઘનશ્યામ ચરણદાસજીની પ્રેરણાથી ગામ સુખપરના અ.નિ.પિતા શ્રી કરસનભાઇ ગોવિંદભાઇ વેકરીયા, અ.નિ.માતુશ્રી કાનબાઇ, અ.નિ.દાદા શ્રી ગોવિંદભાઇ ભીમજી કાનજીની પુણ્ય સ્મૃતિમાં ગામ નારણપુરના સુપુત્રી રાધાબાઇ વાલજી ખીમજી સેંઘાણી સુત દીપક તથા મનસુખ દ્વારા ભુજ શ્રી નરનારાયણદેવના રસોડામાં સારી ગુણવત્તાવાળું ૬ ડ્રપ નું સ્ટીલનું ફ્રીઝ અર્પણ કરી પ્રભુની પ્રસન્નતા અને સંતોનો રાજીપો પ્રામ કરેલ છે. આવું સત્કાર્ય અન્ય હરિભક્તો માટે પ્રેરણાદાયી બની રહેશે.

## ત્રિદિનાત્મક કથા પારાયણ, ભુજ

તા.૨-૬-૧૨ જેઠ શુકલ ૧૩ શનિવાર જેઠ શુકલ ૧૫ તા.૪-૬-૧૨ સોમવાર દરમ્યાન ત્રણ દિવસ સ.ગુ. સ્વા. શતાનંદ સ્વામીએ રચેલ સત્સંગિજીવન કથાનું આયોજન કરવામાં આવ્યું.

કથાનું યજમાન પદ ગામ મિરજાપર નિવાસી અ.નિ. શિવજીભાઈ મેઘજી ગોરસીયા, ધ.પ. પુરબાઈએ સ્વીકારી શ્રીજી મહારાજને રાજી કર્યા. સંતોના આશીર્વાદ મેળવ્યા અને શ્રોતા ભકતજનોને કથાશ્રવણનો આનંદ પ્રાપ્ત કરાવ્યો.

પુ.સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ વ્યાસગાદીએ બિરાજી કથા વિષયની સરળ ભાષામાં સમજુતી આપી. કથા સાથે અનુરૂપ દ્રષ્ટાંતો જોડી આગવી શૈલીમાં વિવેચન દ્વારા શ્રોતાઓને કથા શ્રવણમાં એકાગ્રચિત રાખી ખુશ કર્યા.

પ.પૂ. મહંત સ્વામીને હસ્તે યજમાન પરિવારનું સન્માન પહેરામણી ભેટ, મંદિરના શાસ્ત્રી મહારાજે કરાવેલ સમાપ્તિ પુજન, આરતી, ધુન અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ પુરો થયો.

## ત્રિદિનાત્મક કથા પારાયણ, ભુજ

ગામ સામત્રા નિવાસી હ.ભ. લક્ષ્મણભાઈ નાનજી વરસાણીના યજમાનપદે ત્રણ દિવસની કથાપારાયણ રાખવામાં આવી.

તા.૫-૬-૧૨ જેઠ વદ ૧ મંગળવાર થી તા.૭-૬-૧૨ ગુરૂવાર સુધી રાખવામાં આવેલ કથા દરમ્યાન

કથાવકતા શા.સ્વા. દેવવિહારીદાસજીએ દિવસોમાં વ્યાસપીઠ પર બિરાજી સ.ગુ. ભુમાનંદસ્વામીએ રચેલ શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર શાસ્ત્રની કથાનું રસપાન કરાવ્યું. સ્વામીએ ભાવવાહી વકતવ્ય દ્વારા શ્રી બાલઘનશ્યામ પ્રભુના અદ્‌ભુત, ઐશ્વર્ય સંપન્ન લીલા પ્રસંગોનું માધુર્ય ઝરતું વર્ણન કરી હરિભકતોને આનંદ કરાવ્યો.

પ.પૂ. મહંત સ્વામીને હસ્તે યજમાન પરિવારનું સન્માન કરી આશીર્વાદ સાથે પહેરામણી બાદ સમાપ્તિ પૂજન કરાવી ઠાકોરજીની આરતી ઉતરાવી હતી.

ધૂન અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

## પ્રસાદી મંદિરમાં મહાઆરતી

શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર-ભુજમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજની સાનિધ્યમાં તા.૧૭-૬-૧૨ રવિવારના શ્રી ઘનશ્યામ મહારાજની પ્રેરણાથી એક ભજનાનંદી ભક્તના જન્મ દિવસ નિમિત્તે ઠાકોરજીના થાળ તેમજ ડોલરના અદ્‌ભૂત શણગાર અને સંતોને રસોઈ અર્પણ કરી પોતાનો જન્મ સાર્થક કર્યો.

તેમજ સાંજે ૫ થી ૭ કલાક સુધી ઓરકેસ્ટ્રાનાસાધનો તેમજ વિદ્યાર્થી સંતો દ્વારા ભજન-ભકિતનો લહાવો સૌ ભકતોએ માણ્યો. ત્યારબાદ શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પ્રવચન આપતાં જણાવ્યું કે જો ઉંદરને વૈકુંઠ જવા ગરૂડની પીઠ ઉપર બેસવા મળ્યું પણ ગરૂડની પાંખ કોતરવા માંડયો એટલે ગરૂડે તેને પૃથ્વી ઉપર ફેંકી દીધો તેમ સંતની પીઠ પર બેસીને જો ઉંદર જેવો સ્વભાવ રાખશું તો સંતો ધામમાં સાથે નહિ લઈ જાય માટે અવર ચંડાઈ મૂકી સંતનો સમાગમ કરવો.

ત્યારબાદ પ્રસાદી મંદિરના મંડલેશ્વર સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ અંતે આશીર્વાદ પાઠવતાં જણાવ્યું કે રવિવાર ભજન-ભકિત કરવા માટે છે નહિ કે ગાર્ડનમાં ફરવા, ખાવા-પીવા કે જે-તે જોવા માટે.

અંતે ૭:૩૦ કલાકે સૌ પ્રેમીભકતો શ્રી ઘનશ્યામ મહારાજના પૂજારી બની મહાઆરતીનો અમૂલ્ય લાભ માણ્યો હતો. અંતે નાચ-ગાનની સાથે ધુનની રમઝટ બોલાવી અને જય-જયના નાદ કરી પ્રસાદી મેળવી સૌ ભક્તો આનંદિત થયા હતા.

## સંસ્કૃત પાઠશાળા, લાયબ્રેરી, બાલમંદિરનું ખાતમુહૂર્ત

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા નૂતન મંદિર સંકુલના પરિસરમાં બહેનોના મંદિર પાસે સાં.યો.બહેનો માટે એક વિશેષ ભવનનું ખાત મુહૂર્ત પ.પૂ.સ.ગુ.મહંત પુ.સ્વામી ધર્મનંદનદાસજીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ભવનમાં સાં.યો બહેનોના અભ્યાસ માટે સંસ્કૃત પાઠશાળા અને લાયબ્રેરી ઉપરાંત બાલમંદિરની વ્યવસ્થા રહેશે.

તા.૧૫-૬-૨૦૧૧, જેઠ વદ ૧૧ શુક્રવાર સવારે ૮.૦૦ થી ૯.૦૦ના સમયમાં પ.પૂ.મહંત સ્વામીને હસ્તે ધાર્મિક શાસ્ત્ર વિધિ મુજબ કરવામાં આવેલ. આ ખાતમુહૂર્ત પ્રસંગે મંદિરના પ.પૂ.બ્રહ્મનિષ્ઠ સંતો, હરિભક્તો તથા અલગ વિભાગમાં સાં.યો. તથા કર્મયોગી બહેનોની મોટી સંખ્યામાં હાજરી ઉપસ્થિત રહી હતી.

## બળદિયા નીચલોવાસ
## ૧ દિવસીય યાત્રા પ્રવાસ

જય શ્રી સ્વામિનારાયણ સાથે જણાવતાં આનંદ ચોક્કસ થાય કે તા. ૩-૬-૨૦૧૨ ને રવિવારના દિવસે શ્રી ઘનશ્યામ બાલ મંડળ અને શ્રી ઘનશ્યામ બાલિકા મંડળના બાળકો અને બાલીકાઓઓ આપણા આ કચ્છની અંદર આવેલું પવિત્ર નારાયણ સરોવર જે શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણથી પાવન થયેલ અને અત્યારે ત્યાં હજારો લોકો યાત્રા માટે આવે છે. ત્યાં આ બાળકો અને બાલીકાઓ, સંચાલક યુવકો, સાંખ્યયોગી બહેનો આ પવિત્ર સ્થળનાં દર્શનનો આનંદ લઈને કોટેશ્વર જવા માટે રવાના થયા ત્યાં મહાદેવનાં દર્શન કરી સૌ કોઈ બાળકો મહારાજને સંભાળીને બપોરનું ભોજન પ્રસાદ લીધો. ત્યાંથી તેરા ગામની અંદર ભગવાન શ્રીહરિ પધાર્યા તેનાં ચરણાવિંદના દર્શન કરી પ્રસાદીનું પાણી લઈને ઘેર તરફ રવાના થયા. બસની અંદર સાંજની આરતી કીર્તન ભકિત જ્ઞાન ગોષ્ઠિ કરતાં કરતાં મહારાજને સંભાળતા સંભાળતા ઘેર પહોંચ્યા હતા. આ પ્રવાસનું યજમાન પદ શ્રી સ્વામિનારાયણ મંદિર બળદીયા (ની.વા.) રહ્યું હતું.

શ્રી ઘનશ્યામ બાલ મંડળના સંચાલક શ્રી
પ્રેમજીભાઇના જય શ્રી સ્વામિનારાયણ


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |


## અંજાર : મહાઆરતી,
## ઠાકરથાળી, કથાપારાયણ

અંજાર મધ્યે બીરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાન્નિધ્યમાં અ.નિ. બ્રહ્મનિષ્ઠ સદ્ગુરૂ મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીની પ્રસન્નતાર્થે તથા મંડળના મહંત સદ્ગુરૂ પુ. ધર્મવલ્લભદાસજી સ્વામી, સદ્ગુરૂ સ્વામી પ્રભુચરણદાસજી, સદ્ગુરૂ સ્વામી નારાણવલ્લભદાસજી, સદ્ગુરૂ શાસ્ત્રી સ્વામી લક્ષ્મણજીવનદાસજી, પુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, પુ. સ્વામી જ્ઞાનપ્રકાશ દાસજી, પુ. સ્વામી નંદકિશોરદાસજી આદિક સમસ્ત સંત મંડળના શુભ સંકલ્પથી શ્રી ઠાકોરજીની પ્રસન્નતાર્થે મંદિરના વિશાળ પટાંગણમાં વિદ્યુત રોશની તથા સંગીત સાથે તા.૩-૬ થી તા.૧૭-૬ સુધી મહાઆરતી, ઠાકરથાળી, શ્રીમદ્ ભક્તચિંતામણિ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન થયું હતું.

શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શા.સ્વામી હરિપ્રસાદદાસજી તથા સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી આદિ સંતો વક્તા પદે રહ્યા હતા, જેમાં કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ અંજાર તથા નાની નાગલપરના યુવાનોએ આ મહોત્સવ ધામધૂમથી ઉજવવા જહેમત ઉઠાવી હતી. શ્રી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતાર્થે ગામ અંજારના શ્રીમતી કલાવંતીબેન ન્યાલચંદભાઈ ઠક્કર, સુપુત્ર વિપુલકુમાર ન્યાલચંદભાઈ, ધ.પ.ચંદ્રિકાબેન વિપુલકુમાર, સુપુત્ર ચેતનકુમાર ન્યાલચંદભાઈ, ધ.પ. અલકાબેન ચેતનકુમર સહ પરિવાર યજમાન પદે રહીને આયોજન કરેલ કથા દરમ્યાન પોથીયાત્રા, ઘનશ્યામ જન્મોત્સવ, આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા, રાજોપચાર પૂજા વિધિ મહાઆરતી વિગેરે વિવિધ કાર્યક્રમો ધામધુમથી ઉજવવામાં આવેલ સભા સંચાલન પુ. સ્વામી નારાયણ પ્રિયદાસજી  તથા પુ. સ્વામી ધર્મચરણ દાસજીએ શોભાવ્યું હતું.

અન્ય નાના માંગલિક પ્રસંગો ઉજવાયા, જેમાં તા. ૩-૬ના રોજ મહાઆરતી થયેલ તેના યજમાન અશોકભાઈ

રાઘવજીભાઈ દાવડા પરિવાર હતાં અને તા. ૩-૬ રાત્રે ૮:૩૦ ઠાકરથાળી યોજાયેલ તેના યજમાન પ્રેમજીભાઈ હિરજીભાઈ ઠક્કર હ.વિજયભાઈ સહ પરિવાર હતા, તથા તા. ૬-૬ના લંડનથી સંતોનું આગમન થતાં સન્માન સમારંભ પ્રસંગે મહાઆરતી જેના યજમાન ડો. એચ.વી. કેરાઈ પરિવાર રહ્યા હતા અને તા.૧૦-૬ ના મહાઆરતી યોજાયેલ જેના યજમાન નરેન્દ્રભાઈ ચત્રભુજ સોમૈયા, મહેશભાઈ વેલજીભાઈ ભગત, અરજણભાઈ લાલજી કારા તથા સત્સંગી બહેનોએ યાત્રા નિમીતે તા. ૧૬-૬ના બદલીની પૂર્વ સંધ્યાએ ઠાકરઠાળી યોજેલ જેના યજમાન કેશરાભાઈ દેવશી સાંખલા પરિવાર રહ્યા હતાં તથા તા. ૧૭-૬ના નવા મંડળનું આગમન તથા જુના મંડળની વિદાય સભા સવારે ૮ કલાકે સભા મંડપમાં રાખવામાં આવી.

સહયોગી સંતો કો.પુ.સ્વામી પ્રભુસ્વરૂપદાસજી તથા પુ. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી આદિ સમસ્ત સંત મંડળ તથા મંદિરના મહંત સાં.યો. ત્રિવેણીબાઈ આદિ સાં.યો. બહેનોનો તથા મહિલા મંડળની બહેનો તથા ટ્રસ્ટી મંડળ તથા અંજાર શહેર, વાડી વિસ્તાર તથા બેન્સા વિસ્તારના સમસમસ્ત હરિભકતો અણમોલ, કિંમતી સમય આપીને સમગ્ર આયોજનને શોભાવવામાં સહકાર આપ્યો હતો.

અહેવાલ - ઠકકર મેહુલકુમાર

## ભુજ મંદિર તથા કચ્છ સત્સંગની વિવિધ સેવામાં સંતોની વરણી

આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ સત્સંગના સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતની અધ્યક્ષતામાં તા. ૨૨-૬-૨૦૧૨ના રોજ સંતોની જનરલ મીટીંગમાં નીચે મુજબના મંડળધારી સંતોને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ-અલગ સેવા સોંપવામાં આવી છે. તે સેવા નીચે મુજબના સંતો સંભાળે છે.

**ભુજ :**



મંડળધારી

સ.ગુ.સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળને : શ્રી નરનારાયણાદિ દેવોની સેવા-પૂજા કરવી.

- આફ્રિકા ખંડમાં રહેતા ભક્તોને સત્સંગનો લાભ આપવા માટે આફ્રિકા દેશમાં સત્સંગ વિચરણ.
- શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ-નારણપરનું સંચાલન કરવું.



સંચાલક

**ગુરૂકુળના સંચાલક :** સ્વામી નારાયણવલ્લભદાસજી

**માંડવી :**



મંડળધારી


સ.ગુ.પુ.સ્વામી ભગવદ્જીવનદાસજીના મંડળને : માંડવી શ્રી વૃંદાવનવિહારી શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા તથા પારાયણો ઉત્સવો ઉજવવા વિગેરે.

- માંડવી મંદિરના કોઠારી શા.સ્વામી શ્રી નારાયણમુનિદાસજી
- ઓસ્ટ્રેલીયા ખંડમાં રહેતા ભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ.
- સંસ્કારધામ માંડવીનું સંચાલન કરવું.
- સંસ્કારધામના સંચાલક શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી



સંચાલક

**અંજાર :**



મંડળધારી

સ.ગુ.સ્વામી હરિજીવનદાસજીના મંડળને : અંજાર શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી.


- કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી
- ગાંધીધામ, સિનુગ્રા, કુંભારીયા, નિંગાળ આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો, પારાયણો ઉજવવી.
- લંડન હેરા આદિ મંદિરોના પાટોત્સવ ઉજવવા યુ.કે.ના પ્રવાસે સત્સંગ વિચરણ.

- શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાપર (વાગડ)નું સંચાલન કરવું.
- સંચાલક શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી


સંચાલક

**સુખપર દેશ :**

સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળને : સુખપર દેશમાં આવતા ગામડાઓ – સુખપર, નરનારાયણ નગર, મદનપુર, બળદિયા ઉ.વા., બળદિયા ની.વા., કુન્દનપુર, કેરા, કોડકી, ભક્તિનગર, માનકુવા, ફોટડી, મુન્દ્રા, ગેલડા આદિ ગામોમાં કથા–વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.


મંડળધારી


- શ્રી સહજાનંદ ગુરૂકુલ માનકુવાનું સંચાલન કરવું.
- સંચાલક શા.સ્વામી ગોલોકવિહારીદાસજી


સંચાલક


**રામપર દેશ :**

સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.પ્રેમમપ્રકાશ દાસજી તથા સ.ગુ.સ્વયમપ્રકાશ દાસજીના મંડળને :

- રામપર દેશમાં આવતા ગામડાંઓ – મિરજાપુર, સુરજપર, નારણપર ઉ.વા., નારણપર ની.વા., મેઘપર, ગોડપર, દહિંસરા, સરલી, રામપર ન.વા., રામપર જુ.વા. સામત્રા, વેકરા, વાડાસર, આદિ ગામોમાં કથા–વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.


મંડળધારી

- શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન – વિલેપાર્લા– મુંબઇનું સંચાલન કરવું. (સંચાલક પુ.સ્વામી મહાપુરૂષદાસજી આદિ)
- શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ગાંધીધામનું સંચાલન કરવું.
- સંચાલક પુ.સ્વામી મુક્તવલ્લભદાસજી



સંચાલક

**અબડાસા દેશ :**

સ.ગુ.સ્વામી ધર્મપ્રસાદદાસજીના મંડળને અબડાસા દેશમાં આવતા ગામડાઓ–રવાપર, આમારા, ઘડાણી, નેત્રા, રસલીયા, દયાપર, દોલતપર, અંગીયા, ભારાસર, સુખપર–રોહા આદિ ગામોમાં કથા–વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.


મંડળધારી

- વિલ્સડન લંડન આદિ મંદિરોના પાટોત્સવ ઉજવવા. યુ.કે.માં સત્સંગ વિચરણ.
- ભુજ પ્રસાદી મંદિરનું સંચાલન કરવું. (સંચાલક પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી આદિ)
- શ્રી હરિ તપોવન ગુરૂકુળ રામપર ગંગાજીનું સંચાલન કરવું.
- સંચાલક શા.સ્વામી દેવચરણદાસજી



સંચાલક

**વાગડ દેશ :**

સ.ગુ.સ્વામી પુ. કેશવપ્રસાદદાસજીના મંડળને : વાગડ દેશમાં આવતા ગામડાઓ – માધાપર, હરિપર, હીરાપર, ધાણેટી, દૂધઇ, ઇન્દ્રપ્રસ્થ, ધમડકા, ભચાઉ, નવાગામ, ખારોઇ, મનફરા, ચોબારી, આધોઇ, સરદારનગર, ચીરઇ, નવી ચીરઇ, ભીમાસર, રાપર, નવાપરા, સેલારી, કલ્યાણપર, કંથકોટ, પદમપર, કીડીયાનગર આદિ ગામોમા કથા–વાર્તા, ઉત્સવો પારાયણો ઉજવવી.


મંડળધારી

- ભારતદેશમાં જ્યાં જ્યાં કચ્છના સત્સંગીઓ વસે છે ત્યાં સત્સંગ વિચરણ.


સંચાલક

- શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન (બોર્ડીંગ), ભુજ
- સંચાલક શા.સ્વામી હરિવલ્લભદાસજી
- શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી નિવાસ (સ્મૃતિ મંદિર), ભુજ
- સંચાલક સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી


સંચાલક

- **ભુજ મંદિરની સ્થાનિક સેવામાં સંતોની વરણી :**

★ મુખ્ય કોઠારી તથા ભોજનાલય : સ્વામી દેવપ્રકાશ દાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી

★ **ઉપકોઠારી :** સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામસેવકદાસજી, સ્વામી ધર્મપ્રિયદાસજી

★ **પાકશાળા તથા છાશ :** સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી નિલકંઠચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી, સ્વામી ભક્તિજીવનદાસજી

★ **સંતોનો ભંડાર :** સ્વામી અક્ષરસ્વરૂપદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી

★ **લાઇટ :** સ્વામી નિલકંઠસ્વરૂપદાસજી, સ્વામી શ્રી વલ્લભદાસજી

★ **પાણી :** સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી

★ **વાડી તથા ગૌશાળા :** સ્વામી જગજીવનદાસજી, સ્વામી હરિસેવકદાસજી, સ્વામી દેવજીવનદાસજી, સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી

★ **સુવર્ણ હિંડોળા**

★ **પૂજારી સંતોનું મંડળ :** સ્વામી હરિસેવકદાસજી, સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી આદિ.

★ **સામાન્ય હિંડોળા :** સ્વામી પુરૂષોત્તમચરણદાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી, સ્વામી અક્ષરસ્વરૂપદાસજી, સ્વામી શ્રી વલ્લભદાસજી, સ્વામી ત્યાગવલ્લભ દાસજી, સ્વામી મુકતમુનિદાસજી, સ્વામી નરનારાયણસ્વરૂપ દાસજી

★ **શ્રી રામ ભગવાન આદિ દેવોની સેવામાં :** સ્વામી વાસુદેવપ્રસાદદાસજી

## રાપર સ્વામિનારાયણ ગુરૂકુળનો દશાબ્દી મહોત્સવ ઉજવાયો : મેડિકલ કેમ્પમાં ૨૪૫૬ દર્દી, ૬૧૯ શસ્ત્રક્રિયા



વાગડ વિસ્તારમાં દોઢ દાયકાથી સત્સંગ, શિક્ષણ અને આરોગ્યદાતા બની રહેલ રાપર શ્રી સ્વામિનારાયણ ગુરુકુળને દસ વર્ષ પુરાં થતાં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પરમ પૂજ્ય સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી તા.૨૫ થી ૨૭ ત્રિદિવસીય દશાબ્દી મહોત્સવ ધર્મોલ્લાસભેર ઉજવાઇ ગયો.

પ્રથમ દિવસે દીપપ્રાગટ્ય મંડળધારી સ.ગુ. હરિજીવનદાસજી સ્વામી, વરિષ્ઠ સંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી સહિતના વડીલ સંતોના હસ્તે કરાયું હતું. યુવાનોની સત્સંગ સભામાં વ્યસનમુક્તિ અને સદાચરણની શીખ યુવાન સંતોએ આપી હતી. વાગડ અજાયબી મહોત્સવના નામથી પ્રસિદ્ધ પામેલા મહોત્સવ પ્રસંગે આફ્રિકા, સિસલ્સ, યુ.કે., ચોવીસી તેમજ વાગડ વિસ્તારના ગામોના અનેક હરિભકતો ઉપસ્થિત રહ્યાં હતાં.

**• મેડિકલ કેમ્પ :**

રાપર શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ આયોજીત મેગા મેડિકલ કેમ્પમાં તા.૨૭-૫-૨૦૧૨ના સવાર થી દર્દીઓ ઉમટયા હતા. જાણીતા તબીબો ઉપરાંત રાપર (વાગડ)ના ડોકટર મિત્રોએ સાંજ સુધી ૨૪૫૬ દર્દીઓનું નિદાન-સારવાર કરી હતી તેમાંથી ૬૧૯ ઓપરેશન નક્કી થયા હતા. આ તમામ ઓપરેશન ભુજ સ્વામિનારાયણ મંદિરના નેજા હેઠળ રાપર ગુરુકુળના ખર્ચે કરાવી અપાયા છે. જેમાં સારણગાંઠ, પથરી, ગર્ભાશય ઉપરાંત આંખ, પેટની સર્જરીઓ સામેલ રખાઇ છે.



તમામ ઓપરેશન વિનામુલ્યે કરાયા છે. રાપરમાં આ ચોથો મેગા કેમ્પ છે. જેના દ્વારા અનેકોની સેવા થઇ શકી છે. આ પ્રસંગે પ.પૂ.ધ.ધૂ.આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદ મહારાજે કહ્યું 'આજે હું ભુજ મંદિરના સંતોનો દાખડો સાર્થક થતો જોઉં છું ત્યારે મને સ્વયં શ્રીહરિની અપાર 'લીલા'ના દર્શન આજે રાપરની ધરતી ઉપર થાય છે. મેડિકલ કેમ્પને આચાર્ય મહારાજે દીપપ્રગટાવી ખૂલ્લો મૂક્યો હતો. તે પ્રસંગે ભુજથી વરિષ્ઠસંતો સ.ગુ. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.નિરન્નમુક્તદાસજી સ્વામી, સ.ગુ.શ્રીહરિ સ્વામી, કોઠારી પુરૂષોત્તમસ્વરૂપદાસજી સ્વામી સહિત અનેક વડીલ સંતોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ આપ્યો હતો.

ગુરૂકુળ પરીસરમાં ડુંગરશી ગોપાલ નવાગામવાળાના હસ્તે પાણીની પરબ જ્યારે ગુરૂકુળને ઝળાંહળાં કરતી પ્રકાશલાઇટ નારાણભાઇ મનજી કેરાઇ પુત્ર કાન્તિના હસ્તે ઉદ્‌ઘાટિત કરાઇ હતી. પંચ દિવસીય નારાયણયાગની પૂર્ણાહૂતિ શ્રીફળ હોમ સાથે કરાઇ હતી. ત્રણેય દિવસમાં ૭.૫ હજાર હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

સમગ્ર આયોજનમાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર વાગડમાં તપસ્યા કરનાર શાસ્ત્રી વિજ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી અને શિષ્યવૃંદે સૂકા રેતાળ મૂલકમાં સત્સંગનો હેતાળ સ્પર્શ કરાવ્યો હોવાનું મહારાજશ્રી એ કહ્યું હતું. શાસ્ત્રી અક્ષરપ્રિયદાસજી સ્વામીએ સભાપતિ સેવા આપી હતી. વાગડના સ્થાનિક હરિભક્તોએ વ્યવસ્થામાં ભાગ લઇ શ્રીહરિ પ્રત્યે સમર્પણ દાખવ્યું હતું.

અહેવાલ : વસંત પટેલ

## કચ્છડો બારે માસ

શ્રી સ્વામિનારાયણ મંદિરની મુલાકાત મને ખૂબ જ આનંદ આપનાર તથા સંતોષદાયક રહી છે. આ મંદિરની મુલાકાત અવાર-નવાર થતી રહે અને આપણા સૌ ઉપર સર્વશક્તિમાન ભગવાનના આશીર્વાદ સાંપડતા રહે. આ નૂતન મંદિરની મુલાકાતથી આધ્યાત્મિક શાંતિની અનુભૂતિ આપણે હંમેશાં મેળવતા રહીએ.

- રાકેશ કુમાર (કમાન્ડન્ર)

## હિંડોળા ઉત્સવ હરિભક્તો યોગ

તા. ૫-૭-૨૦૧૨ થી તા.૩-૮-૨૦૧૨ ૧ મહિના સુધી ભુજ, માંડવી, અંજાર તથા ગામડાંઓમાં હિંડોળા ઉત્સવ ધામધુમથી ઉજવાશે તેમાં ગામડાંના ભક્તો દર્શન માટે જતા હોય છે. તેમા આપ સમુહમાં દર્શન માટે નિકળવાના હો અને જ્યાં બપોરનો મહાપ્રસાદ લેવાના હો તો ત્યાં પહેલેથી જાણ કરશો જેથી ત્યાંના સંતોને આવતા હરિભક્તોની સુવીધામાં સહયોગ મળે.

માટે ખાસ આગ્ર પૂર્વક વિંતી છે. સમુહ કે પરિવાર સાથે દર્શને જાવો ત્યારે ત્યા નિચેના નંબર ઉપર જાણ કરશો. તો સેવામાં સહયોગ આપ્યો ગણાશે.

**ભુજ કોઠારી સ્વામી** ફોન : ૦૨૮૩૨-૨૫૦૨૩૧

**માંડવી કોઠારી સ્વામી** ફોન : ૯૪૨૯૧ ૦૦૭૩૯

**અંજાર કોઠારી સ્વામી** મો. ૯૮૭૯૫ ૨૨૪૯૫

## ભવ્ય ઉદ્‌ઘાટન

**માંડવી** મંદિરે દાદા ખાચરના દરબાર ૧૨ હિંડોળાનું ભવ્ય ઉદ્‌ઘાટન તા. ૧૪-૭-૨૦૧૨ શનિવાર એકાદશી સવારે ૮:૦૦ કલાકે રાખેલ છે.

**અંજાર** મંદિરે ભવ્ય હિમાલય દર્શન તથા ૧૨ હિંડોળાનું ઉદ્‌ઘાટન તા. ૨૨-૭-૨૦૧૨ રવિવાર બપોરે ૩:૦૦ કલાકે રાખેલ છે. આ પ્રસંગે દરેક ભક્તોને દર્શનનો લાભ લેવા હાર્દિક આંમત્રણ પાઠવી છીએ.

અહેવાલ : તંત્રીશ્રી

# સત્સંગ સમાચાર

## વિશ્રાંતિ ભવન - વીલે પાર્લે સત્સંગ સભા

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલે-પાર્લે મુંબઈ ખાતે તા.૨૭-૫-૧૨નાં રોજ સાંજે મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભકતો સાથે સત્સંગ સભા યોજાઈ હતી. સ્વામી ભકિતવિહારીદાસજી તથા સ્વામી નિર્ભયજીવનદાસજીએ ભજન કીર્તન તથા કથા-વાર્તા કરી ભકતોને રાજી કર્યા હતા. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી એ આશીર્વાદ આપ્યા હતા. તથા આભારવિધિ લાલજીભાઈ ખીરાભાઈ શાહે કરી હતી અને આ સભાનો સમગ્ર દોર સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીનાં હાથમાં રહ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ વિશ્રાતિં ભુવન વિલેપાર્લે મુંબઈ ખાતે દર રવિવારે યોજાતી સત્સંગ સભાના ભાગરૂપે તા.૩-૬-૧૨ રવિવારનાં સાંજે યોજાયેલ સત્સંગ સભાના હાર્દમાં શ્રી કૃષ્ણપ્રસાદદાસજીનાં મંડળને વિદાયમાન મોટી સંખ્યામાં ભુજથી પધારેલા સંતો અને સ્થાનિક હરિભકતોની ઉપસ્થિતિમાં અપાયેલ. સ્વામીશ્રી શ્રીજીનંદનદાસજીના ભજન-કીર્તનથી વાતાવરણ ભકિતમય બની ગયું હતું.

ભુજ થી પધારેલા સંતો તથા અહીં એક વર્ષ દરમ્યાન સેવાવૃતિ કરી રહેલા સ.ગુ. સ્વામી શ્રી કૃષ્ણપ્રસાદદાસજી તથા સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સ્વામી ભકિતવિહારી દાસજીએ તમામ હરિભકતોને ખૂબ-ખૂબ આશીર્વાદ આપી, હરિભકતોએ દર્શાવેલ હેતની નોંધ લીધી હતી. વિદાય લેતા સંતોનું હરિભકતો દ્વારા પુષ્પહારથી સન્માન કરવામાં આવ્યું હતું. તો સંતોએ પણ હરિભકતોને પુષ્પમાળા પહેરાવી રાજીપો વ્યકત કર્યો હતો.

ભુજથી પધારેલા પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી તથા શા.સ્વા. વિશ્વવલ્લભદાસજીએ સભાને પોતાની આગવી શૈલીમાં સંબોધી આશીવર્ચન સાથે મુંબઈ થાણાનાં સત્સંગીઓના આદરની ભાવપૂર્વક નોંધ લીધી હતી.

ત્યારબાદ મહાઆરતી કરવામાં આવી હતી. મહાઆરતી બાદ સભા સમાપ્ત થઈ હતી. આ આખીયે સભાનું સંચાલન સ્વામી શ્રી દેવચરણદાસજીએ ખૂબ સુંદર રીતે કર્યુ હતું. ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન થયું હતું. એમાં સૌ હરિભક્તોએ મહાપ્રસાદ લીધો હતો.

આ તમામ પ્રસંગના યજમાન ગામ ભચાઉના હાલે મુંબઈના રહેવાસી એવા અ.નિ. કોરાઈબેન પુંજા નીશર હસ્તે સાવિત્રીબેન ઘનશ્યામ નીશર સહપરિવાર રહ્યા હતા.

અહેવાલ : વેકરીયા ભરત શીવજી

---

## નારાણપર નીચલોવાસ શ્રી ઘનશ્યામ લીલામૃત પંચાહ્ન પારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી નારાણપર નીચલા વાસમાં પરમ ભક્ત માવજી હરજી હીરાણી સહ પરિવારના યજમાન પદે તા. ૬-૬-૨૦૧૨ થી ૧૦-૬-૨૦૧૨ સુધી શ્રી ઘનશયામ લીલામૃત પંચાહ્ન પારાયણનું આયોજન કરેલ હતું.

કથાના વક્તા પુરાણી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને સંગીતમાં સ્વામી શ્રીજીનંદનદાસજી સુમધુર શૈલીમાં કથા રસપાન કરાવ્યું હતું.

આ કથા પારાયણમાં મંદિરની કમિટી, યુવક મંડળ, યુવતી મંડળ અને ગ્રામજનોએ સૌએ સાથ સહકાર આપ્યો હતો. મંડળના વડીલ સંતો સ.ગુ. કૃષ્ણપ્રસાદદાસજી સ્વામી તથા પુરાણી શાંતિપ્રિયદાસજી આદિ સંતોએ આશીર્વાદ આપ્યા હતા.

લી. આશકી પટેલ

# શ્રી ઘનશ્યામ બાલ બાલિકા મંડળનો યાત્રા પ્રવાસ

નારાણપર (પસાયતી), તા.૨૯-૫-૨૦૧૨ ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી તા.૨૫-૫-૨૦૧૨ના રોજ વહેલી સવારે નારાણપરથી ગઢપુરની યાત્રાએ બસ ઉપડી હતી. આ પ્રવાસમાં સાં.યો. વનિતાબાઈ કેરાઈ, સાં.યો.સામબાઈ વેકરીયા તથા હરિભક્તોમાં લાલજીભાઈ તથા માવજીભાઈ, બંને મંડળના સંચાલકો હરીશ નારાણ વેકરીયા, રતનબાઈ નારાણ વેકરીયા, દક્ષા ધનજી હાલાઈ અને બાલ મંડળના બાળકો એમ મળી કુલ ૭૧ જણ યાત્રામાં જોડાયા હતા.

સાળંગપુરના કષ્ટભંજન દેવના દર્શન કરી પાવન થયા. ત્યાં હરિમંડપ અને જીવાખાચરના દરબારમાં દર્શન કરી ગઢપુર તરફ પ્રયાણ કર્યું.

રસ્તામાં આરતી, ધુન, નિત્ય નિયમની રમઝટ ચલાવી સાડા આઠ વાગ્યે ગઢપુર પહોંચ્યા. ગોપીનાથજી મહારાજના દર્શન કરી પ્રસાદ લીધો.

તા.૨૬-૫-૨૦૧૨ના રોજ વહેલી સવારે ગઢપુરમાં મંગળા આરતીના દર્શન કર્યા. ત્યારબાદ દરબારગઢના દર્શન કરી અક્ષર ઓરડીના દર્શન કરી જીવનમાં ધન્યતા અનુભવી. ત્યાંથી લક્ષ્મીવાડીના દર્શનકરી કારિયાણી તરફ પ્રયાણ કર્યું, કારિયાણીમાં દર્શન કરી વસ્તાખાચરના દરબારના દર્શન કરી ભગવાનનો પ્રસાદ લઈ નારાણપર આવવા નીકળ્યા. રાત્રે નારાણપર આવ્યા.

અહેવાલ : હરિશ વેકરીયા

# મેઘપર મધ્યે કથા પારાયણ

ગામ મેઘપર મધ્યે કથા પારાયણનું આયોજન થયેલ. તેમના યજમાન પદે સાં.યો.રાધાબાઇ કલ્યાણ હાલાઇ પરિવાર તરફથી આયોજન કરવામાં આવેલ. તે તા.૧૯-૬-૨૦૧૨ થી તા.૨૨-૬-૨૦૧૨ પારાયણનું આયોજન કરવામાં આવેલ. નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત પુરૂષોત્તમ પ્રકાશ ગ્રંથનું વાચન કરવામાં આવેલ. મંડળના સંતો સ.ગુ.સ્વામી સ્વંયપ્રકાશદાસજી તથા સ.ગુ.સ્વામી ઇશ્વરસ્વરૂપદાસજી તથા સ.ગુ.સ્વામી જયકૃષ્ણદાસજી તથા સ.ગુ.સ્વામી ભક્તવત્સલદાસજી તેમજ વકતા પદે શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી અને શા.સ્વામી શ્યામકૃષ્ણદાસજી આ બન્ને વકતા સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવેલ અને આ કથા પારાયણની સાથે દરરોજ રાત્રે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સભાનું પણ આયોજન કરવામાં આવેલ અને સભામાં યુવાનોએ સાથ સહકાર આપેલ.

તેમજ તા.૨૧-૬-૨૦૧૨ તથા ૨૨-૬-૨૦૧૨ના સાં.યો.રાધાબાઇ તરફથી તમામ ગ્રામજનોને ભોજન પ્રસાદ લેવાનું આમત્રંણ હતું. અને તે દિવસે ભુજ મંદિરથી મહંત સ્વામી પુ.ધર્મનંદનદાસજી તથા સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા રાપર ગુરૂકુલમાંથી બાલકૃષ્ણદાસજી તેમજ નારણપર ગુરૂકુલમાંથી તેમજ અન્ય ગુરૂકુલોમાંથી સંતો આવી અને અમારા ગ્રામજનોને આશીર્વાદ આપ્યા હતા. અને સાં.યો. રાધાબાઇ તરફથી ભુજ મંદિરમાં જેટલા સંતો છે તેમને ધોતીયાની સેવા પણ કરેલ. અને તમામ સંતોએ બહેનોના મંદિરમાં પધરામણી કરી અને ત્યાં ઠાકોરજીની આરતી ઉતાર તથા તા.૨૦-૬-૧૨ના રાત્રે દિવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. અને તા.૨૧-૬-૧૨ના રાત્રે મહા આરતીનું આયોજન કરવામાં આવેલ. અને સાથે-સાથે ગામમાં વ્યસન મુક્તિ તથા પૂજા તથા બહાનું ન ખવાના ઘણા ભક્તજનો તેમજ બહેનોએ નિયમ લીધા.

– અહેવાલ : ધર્મેન્દ્ર રવજી કેરાઇ – યુવક મંડળ પ્રમુખશ્રી

# શ્રીહરિ વાંચનાલય : કોડકી

તા.૭-૬-૨૦૧૨ ગુરૂવારના શ્રી સ્વામિનારાયણ મંદિર કોડકી મધ્યે શ્રીહરિ વાંચનાલય (લાયબ્રેરી)નો શુભારંભ કરવામાં આવ્યો.

વર્તમાન સમયમાં માનવનું જીવન સદાચાર અને સાદાઈ વાળું બનાવવા માટે સારા પુસ્તકો ઉપયોગી હોતા ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી આ બીડું શ્રી સ્વામિનારાયણ મંદિર કોડકી ના સાંખ્યયોગી બહેનોએ ઝડપી લીધું અને સદ.સ્વામી મુકુંદજીવનદાસજી તથા સ્વામી પરમહંસદાસજી આદિક સંતોના વરદહસ્તે શ્રીહરિ વાંચનાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું. જેનાથી શાસ્ત્ર વાંચન દ્વારા સારા સંસ્કાર સિંચન થાય તે માટે ગામે-ગામ, મંદિરે-મંદિરે શ્રીહરિ વાંચનાલયની વ્યવસ્થા થાય તેવી ભગવાનનાં ચરણોમાં સંતોએ પ્રાર્થના કરી હતી.

અહેવાલ : યુવક મંડળ સભ્યશ્રી નારણ રવજી હાલાઈ, કોડકી

## નારાણપર (નીચલોવાસ) શ્રી ઘનશ્યામ બાલિકા મંડળની પરીક્ષા

તા.૧૬-૫-૧૨ના રોજ ઘનશ્યામ બાલિકા મંડળની લેખિત પરીક્ષા લેવામાં આવી. જેમાં મહારાજનાં અંગોઅંગનું વર્ણન, કીર્તન, વંદુનું પ્રથમ પદ, ૧૬ ચિહ્ન, વચનામૃત (મનપસંદ) છ ધામમાંથી પ્રશ્નો હતા.

ધોરણ ૫ અને ૬ માં પ્રથમ હિરાણી મયુરી, દ્વિતીય વેકરીયા મિતિક્ષા અને તૃતીય સ્થાને કેરાઈ ભકિતએ મેળવ્યું હતું.

ધોરણ ૭ અને ૮ માં પ્રથમ સેંઘાણી મિતલ, બીજા સ્થાને વેકરીયા પ્રિયંકા અને તૃતીય સ્થાન વેકરીયા ચાંદનીએ મેળવ્યું હતું.

ધોરણ ૯ અને ૧૦માં પ્રથમ કેરાઈ ભાવના, વેકરીયા મીનાક્ષી અને તૃતીય સ્થાન વેકરીયા રાધિકાએ મેળવ્યું હતું.

પરીક્ષાનું આયોજન સાંખ્યયોગી બાઈઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જે કાર્ય વેકરીયા રતનબાઈ, હાલાઈ દક્ષા અને ગાજીપરા જશુએ સંભાળ્યું હતું. કુલ ૩૭ બાલિકાઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૪૦ ગુણથી ઉપર ૧૫ બાલિકાઓએ ગુણ મેળવી સફળતા મેળવી હતી.

અહેવાલ : હાલાઈ દક્ષા ડી.

# ધાર્મિક પરીક્ષાનું આયોજન





બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન બાળપણમાં જ આપવામાં આવે તો ભારતીય સંસ્કૃતિ, સાંપ્રદાયિક જ્ઞાન જળવાઈ રહે અને ભવિષ્યમાં દેશનો સારો નાગરિક બની શકે તે માટે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા વેકેશન દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકોની ધાર્મિક પરીક્ષાનું આયોજન મંગળવાર તા. ૨૯-૫-૨૦૧૨ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોની ઉંમર પ્રમાણે હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ, નીલકંઠ ચાર ગ્રુપ કરવામાં આવ્યા હતા. પાંચ જગ્યાએ પરીક્ષા લેવામાં આવી હતી. ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર, નારાણપર-ગુરૂકુળ, માનકુવા-ગુરૂકુળ, શ્રીહરિ તપોવન ગુરૂકુળ-રામપર, શ્રી સ્વામિનારાયણ મંદિર- રવાપર આમ પાંચ જગ્યાએ લેવામાં આવેલ પરીક્ષામાં ૬૦૦ બાળકોએ ભાગ લીધેલ જેનું સંચાલન શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજી તથા વિદ્યાર્થી સંતોએ સારી રીતે સહયોગી રહ્યા હતા. દર વર્ષે આવા પરીક્ષાના આયોજન થતા રહે છે. તેમાં તમે પણ તમારા બાળકોને પરીક્ષામાં ભાગ લેવા પ્રેરણા આપજો અને આપણા બાળકોને આપણા ગામમાં ચાલતા શ્રી ઘનશ્યામ બાલમંડળમાં દરરોજ ભાગ લેવા પ્રોત્સાહિત કરશો.

અહેવાલ -શા. સ્વામી ભક્તવત્સલદાસજી

# માધાપરમાં ૧૧૫મા વાર્ષિક પાટોત્સવ નિમિતે પંચાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ

ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તથા ભુજ મંદિરના મંહત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના રૂડા આશીર્વાદથી ગામ માધાપર શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાસ મધ્યે બન્ને મંદિરના ૧૧૫મા વાર્ષિક પાટોત્સવ નિમિતે પંચાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન તારીખ : ૨૦-૫-૨૦૧૨ને રવિવાર થી તારીખ : ૨૪-૫-૨૦૧૨ને ગુરૂવાર સુધી ધામધૂમથી ઉજવાયો. જેના યજમાન પદે પ.ભ.શ્રી રામજીભાઇ વાલજી હિરાણી ધ.પ.સામબાઇ સુપુત્ર જેરામ, પરબત, ભરત આદિ સહપરિવારે લાભ લીધો હતો.

આ કથા પારાયણના વક્તાપદે શાસ્ત્રી સ્વામી હરિમુકુન્દદાસજી તથા શાસ્ત્રી સ્વામી સંત સ્વરૂપદાસજી એ શ્રીમદ્ ભાગવત્ દશમ્ સ્કંદ અંતર્ગત શ્રી કૃષ્ણ પરમાત્માના દિવ્ય બાલચરિત્રોની દિવ્ય લીલાનું પાન સંગીતના સુરમાં સ્વામી અક્ષરમુક્તના ગ્રુપે શ્રોતાજનોને રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે મંડળના તથા બીજા સ.ગુ.સંતો, ગુરુકુલમાંથી અંજાર, માંડવી વગેરેથી પધાર્યા હતા.

કથાના પહેલા દિવસે સાંજે શ્રી કૃષ્ણ જન્મોત્સવ માધાપરના ઘનશ્યામ બાલ મંડળના બાળકોનો રાસમંડળના સથવારે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. કથાના બીજા દિવસે શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સથવારે બંને મંદિરમાં યજમાન પરિવાર તરફથી રાસોત્સવ સંતોના સાંનિધ્યમાં ઉજવવામાં આવેલ. કથાના ત્રીજા દિવસે વિદ્વાન સંતોના મુખે નવયુવાનમાં સારા સંસ્કારોનું સિંચન થાય એ નિમિતે સત્સંગ સભાનું આયોજન રાત્રીના રાખવામાં આવેલ.

તે ઉપરાંત યજમાન પરિવારના ઘરે સંતોની પધરામણી તથા પટેલવાડીમાં જમણવાર નિમિતે પટેલવાડીમાં સંતો ઠાકોરજીને થાળ જમાડવા માટે પધાર્યા હતા. ત્રીજા દિવસે યજમાન પરિવાર તરફથી મંદિરની કાર્યવાહક કમિટિના સભ્યો પોતાના સગાસ્નેહી મિત્ર પરિવારને સંતોના વરદ્ હસ્તે પહેરામણી આપી સન્માનિત કરી રાજી કર્યા હતા.

કથાના ચોથા દિવસે હરિકૃષ્ણ મહારાજનો અભિષેક સોળસો ઉપચાર મંત્રો સાથે સંતોના વરદ્ હસ્તે કરી યજમાન પરિવારને પણ લાભ આપેલ. ત્યારે બાદ પ.પુ.ધ.ધુ.૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની તથા ઠાકોરજીની ભવ્યાતિભવ્ય શોભાયાત્રામાં, મંડળીવારા, બેન્ડપાર્ટી, ઘોડા, સમૈયા આદિ વડે વાહન સાથે સંત હરિભક્તોના સથવારે ધામધૂમથી ઉજવવામાં આવેલ.

મંદિરમાં મહારાજશ્રી સભામાં બિરાજમાન થયા બાદ સન્માન સાથે મહારાજશ્રીનું સ્વાગત વિધિ કરવામાં આવેલ, મહારાજશ્રીના વરદ્ હસ્તે હિરાણી યજમાન પરિવારને ભુજ - માધાપર મંદિર તરફથી પહેરામણી કરવામાં આવેલ. મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સાથે અમૃતવાણીનો લાભ મળેલ. ત્યારબાદ મહારાજશ્રી ભાઇઓના મંદિરમાં ૧૧૫માં વાર્ષિક પાટોત્સવની આરતી તથા અન્નકુટની આરતી ઉતારવા મંદિરમાં પધાર્યા અને આસન ગ્રહણ કરેલ અને યજમાન પરિવારે મહારાજશ્રીની આરતી ઉતારી લાભ લીધો. ત્યારબાદ મહારાજશ્રી બહેનોના મંદિરમાં પણ પાટોત્સવની તથા અન્નકુટની આરતી ઉતારી આસન ગ્રહણ કરી બહેનોને રૂડા આશીર્વાદ આપેલ.

કથાના પાંચમા દિવસે બહેનોના મંદિરમાંથી ધામધૂમથી છાબનું સમૈયું ભાઇઓના મંદિરમાં લઇ આવેલ. ને સંતોના રૂડા આશીર્વાદ સાથે કથાની સમાપ્તિ કરેલ ને ઉત્થાપન વિધિ, સંતોનું પૂજન, વગેરે કરી આ મહોત્સવની પૂર્ણાહુતિની આરતી ઉતારી ધુન્ય કીર્તન સાથે સમાપ્તિ કરવામાં આવેલ.

આ મહોત્સવમાં મંડળના વડીલ સંતોમાં સ.ગુ.નિરન્નમુક્તદાસજી, સ.ગુ.સ્વામી સ્વયં પ્રકાશદાસજી, પુરાણી ઇશ્વરસ્વરૂપદાસજી આદિ નાના મોટા સંતોની ખૂબ જ સાથ સહકાર મળેલ હતો.

- લી. મંત્રીશ્રી અરજણભાઇ

# ભારાપર - મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

૮૫ વર્ષ પૂર્વે મહંત સ.ગુ.શા.સ્વામી ધર્મજીવનદાસજી તથા વડીલ સંતોની કૃપાથી ભારાપર વાડી વિસ્તારમાં મંદિરની સ્થાપના થઇ. સમય જતાં મંદિર જિર્ણ થતાં ભારાપરના રામજી હરજી હિરાણી, શિવજી જાદવા હાલાઇ, આદિ હરિભક્તો તથા માંડવી મંદિર કમીટિના હરિભક્તો તથા માંડવી ચારે કાંધાના હરિભક્તોએ માંડવી મંદિરના સંતો સાથે ચર્ચા કરી. ત્યાર પછી મંદિરના નવનિર્માણ માટે ભુજ મંદિરના પ.પૂ.મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પ.પૂ.કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોને મળી મંદિરના નવ નિર્માણ માટે નિર્ણય લેવામાં આવ્યો.

માંડવી મંદિરના કો.સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, સ.ગુ.પુ.સ્વામી કેશવજીવનદાસજી તથા સ.ગુ.પુ.સ્વામી માધવપ્રસાદદાસજીની દેખરેખ હેઠળ માત્ર ત્રણ માસના ટૂંકા સમયમાં મંદિરનું નિર્માણ કાય પૂર્ણ થયું.

નૂતન મંદિરમાં તા.૩૧-૫-૨૦૧૨ના દિવસે મૂર્તિ પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત નિર્ધારિત કરવામાં આવ્યું અને મૂર્તિપ્રતિષ્ઠા નિમિતે તા.૨૭-૫-૧૨ થી તા.૩૧-૫-૧૨ સુધી ''શ્રીમત્ સત્સંગી જીવન'' પંચાહ્ન કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

કથાના વકતા પુ.સ્વામી બ્રહ્મમુનિદાસજી તથા શા.સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા પુ.સ્વામી શૌનકમુનિદાસજીએ વ્યાસગાદીએ બિરાજી કથાનું રસમય શ્રવણ કરાવ્યું.

સંચાલન સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.

ગવૈયા સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ મધુરકંઠે કીર્તનો સાથે કથાને વિશેષ રસપ્રદ બનાવી. કથા દરમ્યાન ઘનશ્યામ જન્મોત્સવ, નવા ભારાપરની કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, રાસોત્સવ, ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા વગેરે કાર્યક્રમો આકર્ષક બન્યા હતા.

મૂર્તિપ્રતિષ્ઠાના દિવસે પ.પૂ.મહંત પુ.સ્વામી ધર્મનંદનદાજીના શુભ હસ્તે સ.ગુ.પુ.સ્વામી કેશવપ્રસાદદાસજી તથા શાસ્ત્રી ગુલાબશંકર મહારાજ તથા માંડવી મંદિરના ગોર કિરણ મહારાજે શાસ્ત્રવિધિપૂર્વક હોમાત્મક વિષ્ણુયાગ સહિત શ્રી રાધાકૃષ્ણદેવ ઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી ત્યારે ભગવાનના નામનો જયજયકાર ગાજી ઉઠયો.

માંડવીના ૧૨ વિસ્તારના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોની રાત્રીય સત્સંગ સભામાં પુ.સ્વામી પરમહંસદાસજી તથા શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ ઉદ્‌બોધન આપ્યું હતું.

પ.પૂ.મહંત પુ.સ્વામી ધર્મનંદનદાસજીએ યજમાન શ્રી હરજીભાઇ ગાંગજી વેકરીયા, રતનશી કાનજી હીરાણી સહપરિવાર તથા નાના મોટા દાતા તેમજ હરિભક્તોને ધન્યવાદ આપી રૂડા આશીર્વાદ આપ્યા હતા. ખૂબ આનંદ અને ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં ઉત્સવની સમાપ્તિ થઇ હતી.

અહેવાલ : કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભારાપર (માંડવી)

## ચમક ઝમક


- મોગરાનાં પુષ્પોના તથા ચંદનના વાઘાથી ઠાકોરજીને અવાર-નવાર સજાવી પ્રખર ગરમીમાં શીતળતા પ્રદાન સાથે હરિભક્તોને દિવ્ય ભવ્ય દર્શન કરાવ્યાં.
- જયેષ્ઠ શુકલ પૂર્ણિમા એ જલયાત્રો ઉત્સવ મનાવવામાં આવ્યો. ઠાકોરજીને જળાશયમાં ચક્રાવા લેતી પુષ્પાલંકૃત નૌકામાં જલવિહાર કરાવી, હરિભક્તોને અલૌકિક આનંદ આપ્યા.
- લંડન પધારી કથાવાર્તા કરી હરિભક્તોને રાજી કરી ભુજ પધારેલ સંતોનું પ.પૂ.મહંત સ્વામીએ તા.૬-૬-૧૨ના રોજ સવારની સભામાં પુષ્પમાળા પહેરાવી સન્માન કર્યું.
- વૈશાખ શુકલ ૧૩, શુક્રવારે નરસિંહ જયંતી નિમિત્તે પૂ.મહંત સ્વામીએ ઠાકોરજીની વિશેષ આરતી ઉતારી. હરિભક્તોએ દર્શનનો લાભ લીધો.

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરમાં છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા તેમજ ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી તથા તમામ સંતો પાર્ષદોના શુભ આશીર્વાદ તેમજ અત્રે વસ્તા તમામ સત્સંગી ભાઇઓ-બહેનો તેમજ યજમાનો દાતાઓના સાથ સહકારથી ખૂબ જ ધામધૂમથી ઉજવાઇ ગયો.



આ પ્રસંગે સ.નિષ્કુળાનંદ સ્વામી વિરચિત ભક્ત ચિંતામણી ગ્રંથનું પારાયણ ભુજ મંદિરના વિદ્વાન સંતોના વક્તા પદે રાખવામાં આવ્યું હતું. આ ઉત્સવના મુખ્ય યજમાન પદે ગામ રામપરના શાન્તિલાલભાઇ વેલજીભાઇ ભંડેરી સમસ્ત પરિવાર તેમજ સહયજમાન તરીકે અ.નિ.માતાજી પ્રેમબાઇ ધનજી ભુડીયા, પિતાજી ધનજી માવજી ભુડીયા હ.સુપુત્ર નારણ ધનજી ભુડીયા સહપરિવાર રહ્યા હતા. તેમજ દૈનિક યજમાન પેટે ગામ સુખપુરના મનુભાઇ મકવાણા તેમજ ગામ સામત્રાના લક્ષ્મીબેન કાનજીએ પણ લાભ લીધો હતો.

ઉત્સવની શરૂઆત તા.૧૩-૫-૨૦૧૨ રવિવારના સાંજે પોથીયાત્રાથી થઇ હતી. પોથી પૂજન મંદિર પાછળના ચોગાનમાં બાંધેલ શામીયાણામાંથી કરી બહેનોએ પોથી પોતાના મસ્તક પર પધરાવી વાજતે ગાજતે મંદિરમાં મંડપમાં પધરાવવામાં આવી હતી.

તા.૧૪-૫-૧૨ સોમવારે પારાયણની શુભ શરૂઆત કરવામાં આવી. તા.૧૫-૫-૧૨ મંગળવારના સાંજે ઘનશ્યામ મહારાજ પ્રાક્ટય મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

તા.૧૭-૫-૧૨ના પાટોત્સવનો મુખ્ય દિવસ હોવાથી મહાઅભિષેક તેમજ ધ્વજ રોપણનો કાર્યક્રમ કરવાનો હતો જેથી આગલા દિવસે સાંજની સભામાં ધ્વજનો ચડાવો લેવામાં આવ્યો હતો, જેના યજમાન પદ તરીકે શ્રી શાન્તિલાલભાઇ ભંડેરી તથા ભુજ મંદિરના વડીલ સંતો વતી એક હરિભક્ત તથા અન્ય એક હરિભક્ત તથા ઘનશ્યામ પ્રેમજી ભુડીયા આટલા હરિભક્તો મળીને ઊંચો આંક આપ્યો હતો.

તા.૧૭-૫-૧૨ ગુરૂવારે ઘનશ્યામ મહારાજના અભિષેકની પૂજન વિધિ સવારે શરૂ થઇ ગઇ. સંતો અને ભૂદેવ મંત્રોચ્ચાર વિધિથી અભિષેક કરી રહ્યા હતા. શણગાર બાદ અન્નકુટ ધરવામાં આવ્યો હતો. શણગાર આરતી તથા અન્નકુટ આરતી સાથે સર્વેએ સમૂહ આરતીનો લાભ લીધો. ત્યારબાદ ધ્વજારોપણ વિધી યજમાનો દ્વારા કરવામાં આવ્યો.

તા.૧૮-૫-૧૨ શુક્રવારે સાંજના કથા વિરામ બાદ ભજન કીર્તનનો પ્રોગામ શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલવીચના યુવકોએ સૌને શ્રીજીના તાનમાં મશગુલ કર્યા હતા.

તા.૧૯-૫-૧૨ શનિવારના સાંજે કથા વિરામબાદ મુખ્ય યજમાન તરફથી ઠાકરથાળી-રાસોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

તા.૨૦-૫-૧૨ રવિવારે ઉત્સવનો છેલ્લો દિવસ કથા વિરામ બાદ મંત્રીશ્રીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ. પછી આ પ્રસંગે પધારેલ વ્યક્તિ વિશેષ એમ.પી. તથા કાઉન્સીલરો તથા દરેક મંદિરોના અધ્યક્ષો, દાતાઓ તેમજ યજમાનોનું સંતો થકી હારતોરાથી સ્વાગત કર્યુ હતું. આ ઉત્સવ પ્રસંગે આપણા ભુજ, અંજાર, માંડવી સ્વા.મંદિરોમાં ઠાકોરજીને થાળ, સંતોને રસોઇ, ધોતીયાંની સેવા શ્રી સ્વા.મંદિર સ્ટેનમોર તરફથી કરવામાં આવેલ હતી. તેમન અત્રે મુખ્ય યજમાન પરિવાર તરફથી સાતેય દિવસ ઠાકોરજીના થાળ, સંતોને રસોઇ ધોતીયાંની સેવા કરવામાં આવી હતી. તેમજ મંદિર તરફથી યજમાનોને પહેરામણી કરવામાં આવી હતી.

યજમાન પરિવાર આ ઉત્સવ ઘનશ્યામ મહારાજની કૃપાથી ખૂબ જ સુંદર રીતે ઉજવાયો તેથી રાજી થઇને શ્રી ઘનશ્યામ મહારાજને તેમજ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર નરનારાયણદેવને ભેટ અર્પણ કરેલ હતી. ત્યારબાદ પ્રમુખે આભાર વિધિ કરી હતી. ત્યારબાદ સંતોના આશીર્વચન તેમજ ઉતર પૂજન, ધૂન કરી સૌને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

ઘનશ્યામ મહારાજની પૂર્ણ કૃપાથી ઉત્સવ હરખભેર ઉજવાઇ ગયો હતો.

– અહેવાલ : મનજી ઝીણા હિરાણી

# મોમ્બાસાના ભક્તો દ્વારા ગરીબો માટે ફ્રિ મેડિકલ કેમ્પ



આપણા ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ મોમ્બાસા કેન્યાનાં સંયુક્ત ઉપક્રમે સત્સંગ સમાજનાં સેવાભાવી કાર્યકરોનાં સૌજન્યથી આ પ્રથમ નિઃશુલ્ક કેમ્પ તા.૨૫-૫-૨૦૧૨ થી તા. ૩-૬-૨૦૧૨ સુધી કિનાગો જીલ્લાનાં ગામડામાં આફ્રિકન લોકો માટે જે મોમ્બાસાથી ૧૩૫ કિ.મી. દૂર તદ્દન દુર્ગમ જંગલ વિસ્તારમાં જયાં લાઈટ પાણી અને ખાદ્ય ખોરાકીની પૂરતી તીવ્ર અછત જણાય છે ત્યાં શારીરિક નબળા-જરૂરિયાતમંદ દર્દીઓ માટે ખાવા-પીવા અને રહેવાની સુવિધાઓ સાથે દર્દીઓને તપાસણી, દવાઓ, ચશ્મા આપવામાં આવેલ જેમાં મોતિયાનાં કુલ્લ ૧૪૦ જેટલાં ઓપરેશન વિના મૂલ્યે કરી નેત્રમણિ મૂકવા સહિતની જંગલ વિસ્તારમાં વ્યવસ્થા અનુભવી સેવાભાવી ડો. દ્વારા કરવામાં આવેલ હતી. આ કેમ્પમાં જુદી જુદી હોસ્પિટલનાં આંખનાં સર્જન ડો. તથા તેનાં અનુભવી કાર્યકરોએ સારી સેવાઓ આપી હતી.

જે આફ્રિકન લોકો તદ્દન આંધળા હતા અને ઓપરેશન પછી નજર આવી જતાં દેખતા થઈ ગયા જેનાં હૃદયનાં ઉદ્‌ગારોની હારમાળામાં મુગુ ઈકો મુગુ ત સાઈડીયા આશાતિશાના ભગવાન છે ભગવાન તમને મદદ કરશે ખૂબ ખૂબ આભાર આવા આવા શબ્દો દર્દીઓની વિદાયવેળાએ વહેતાં હતાં.

આ દંતરોગ નિદાન સારવાર કેમ્પમાં નિષ્ણાત અનુભવી ડો. તથા તેના સેવા ભાવી કાર્યકરો દ્વારા ૩૫૦ જેટલાં દર્દીઓને નિઃશુલ્ક સારવારની સેવાઓ ૨ દિવસનની અંદર અપાઈ હતી.

આ નેત્ર અને દંત કેમ્પનાં સેવાનાં યજ્ઞને સફળ બનાવવા માટે સત્સંગ સમાજનાં તમામ જ્ઞાતિજનો સુંદર સાથ-સહકારથી આ સેવાનાં યજ્ઞની જયોત જગાવી હતી. જેમાં આપણાં ઈષ્ટદેવની પરમકૃપાથી સત્સંગ સમાજનાં સેવાભાવી યુવાન કાર્યકરો અને ત્યાનાં સ્થાનિક આફ્રિકન સેવાભાવી કાર્યકરોનાં સહયોગથી આ સેવાનો યજ્ઞ સફળ ગયો હતો. જય શ્રી સ્વામિનારાયણ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ
શ્રી કચ્છી લેવાપટેલ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ. મોમ્બાસા - કેન્યા

## શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ – ઓસ્ટ્રેલિયા

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી અત્રે પર્થ, ઓસ્ટ્રેલિયા મધ્યે નવનિર્માણાધીન શ્રી સ્વામિનારાયણ મંદિર મહોત્સવના ઉપક્રમે, કાર્યવાહક સમિતિ, ટ્રસ્ટી મંડળ તથા સમગ્ર હરિભકતોના સાથ-સહકારથી તા.૨૭-૫-૨૦૧૨ને રવિવારના રોજ ડાયનેલા સ્કાઉટ હોલ, ગ્રાઉન્ટ ઉપર ૧૦ કી.મી. વોક (ચાલવા)નો કાર્યક્રમ ''પાઈપ બેંડ ફંડ રેઈગ્રીંગ'' પ્રવૃત્તિને અનુલક્ષીને સવારમાં ૯.૦૦ થી ૨.૦૦ દરમ્યાન યોજાઈ ગયેલ. જેમાં ૧૦ કી.મી. વોક (ચાલવા)માં ૧૫૧- હરિભક્તો ભાઈઓ-બહેનો- બાળકોએ નામ નોંધાવી ભાગ લીધેલ અને અન્ય કાર્યકર્તા- આયોજકો કુલ મળીને ૧૮૮ - હરિભક્તોએ આ પ્રસંગમાં સહર્ષ ભાગ લીધેલ. કુલ ૧૫૧૦ કી.મી. ચાલવાનો લક્ષાંક પૂર્ણ થયેલ. પ.ભ.શ્રી પ્રવિણભાઈ રાબડીયાના માર્ગદર્શન હેઠળ પાઈપ બેન્ડ સમિતિના સભ્યોની ઘણા દિવસની તનતોડ મહેનતથી આ પ્રસંગ ખૂબ જ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ. જેમાં પર્થ મંદિર માટે લખમી પાઈપ બેંડ વસાવવાના ભંડોળ નિમિતે સમગ્ર હરિભકતોના ઉદાર અનુદાનથી લગભગ ડોલર ૩૧,૦૦૦/- જેટલી માતબર રકમ મળેલ છે. વોકમાં ભાગ લેનાર દરેક હરિભકતને મંદિર તરફથી પ્રમાણપત્ર આપવામાં આવેલ. સાથે સાથે નાના બાળકો માટે ફેઈમ પેઈન્ટીંગ, રમત ગમત વિગેરેના ભરપૂર કાર્યક્રમ સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણને રાજી કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ જેનો યશ સર્વે હરિભકતોને ફાળે જાય છે.

આવી રીતે મંદિર નિર્માણ તથા મૂર્તિપ્રતિષ્ઠાના આગામી ઉત્સવને અનુલક્ષીને રવિવારની નિયમિત સભામાં તા.૧૦-૬-૨૦૧૨ના રોજ ''સામૂહિક દંડવત / પંચાગ પ્રણામ'' શ્રી જનમંગલ નામાવલિના ઉચ્ચારણ સાથે યોજવામાં આવેલ જેમાં ૭૫ ભાઇઓ તથા ૫૦ બહેનો હરિભકતો દ્વારા ૧૩,૫૦૦ - પ્રણામનો લક્ષાંક પૂર્ણ થયેલ. શ્રીજી મહારાજને રાજી કરવા માટે, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવને અનુલક્ષીને સત્સંગમાં આવી ઘણી બધી પ્રવૃત્તિ સમગ્ર હરિભક્તોના સાથ સહકારથી યોજવામાં આવે છે. ''શ્રી સ્વામિનારાયણ મહામંત્ર'' લેખનની પ્રવૃત્તિ પણ પૂરજોશમાં ચાલુ છે જેનો લક્ષાંક ૧,૧૧,૧૧૧ મંત્રનો રાખવામાં આવેલ છે. હાલમાં મંદિર નિર્માણ કાર્ય સમગ્ર હરિભક્તોના તન, મન, ધનથી સહિયારા પ્રયાસ દ્વારા ખૂબ જ ઝડપથી ચાલી રહેલ છે, જેમાં આપણા સત્સંગી ભાઇઓ ધંધાકીય કાર્યદક્ષતાનો ઉપયોગ દર શનિવાર-રવિવારની રજાના દિવસોમાં આપી રહેલ છે જે ખૂબ જ પ્રશંસનીય સેવા છે. શ્રીજી મહારાજના ''સેવા મુકિતશ્ચ ગમ્યતામ્'' સિદ્ધાંતને અનુલક્ષીને રાજી કરવાનો નમ્ર પ્રયાસ છે.

અહેવાલ : મંત્રી મહેન્દ્રભાઈ સોની

# શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર, નૈરોબી સામાન્ય સભા

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદરિ નૈરોબી ભુજ શ્રી નરનારાયણદેવ મંદિર તાબાની વાર્ષિક જનરલ સભા તા. ૧૮/૩/૨૦૧૨ના રોજ ભાઈઓના મંદિરમાં રાખવામાં આવેલ જેમાં આવક જાવકના હિસાબો તથા બેલેન્સ સીટ (સરવૈયું)ના ઓડીટ થયેલ. હિસાબો દરેકને સમજાય એ રીતે મોટા સ્ક્રીન ઉપર દેખાડી વાંચી સભળાવવામાં આવ્યા તથા સર્વાનુમતે હિસાબોને બહાલી પણ આપવામાં આવી. ત્યારબાદ સને ૨૦૧૨ની સાલ માટે મંદિરની નવી કાર્યવાહી કમીટીની ચૂંટણી કરતાં પહેલા સૌ પ્રથમ પાંચ વર્ષની મુદત માટે છ નવા ટ્રસ્ટીશ્રીઓની વરણી કરવામાં આવી. જેમાં ૩ ટ્રસ્ટીઓની અધ્યક્ષ ઉપાધ્યક્ષ તથા સેક્રેટરીની સભાની બહુમતીએ વરણી કરવામાં આવી.

ચૂંટણી કરતાં પહેલાં વિદાયિત થતાં ટ્રસ્ટીઓ તેમજ કાર્ય વાહી કમીટીના સદસ્યોએ તન, મન અને ધનથી પોતાની સેવાનો જે સહયોગ મંદિરના કાર્યને અર્થે કાર્યકર્તાઓએ આપ્યો તે બદલ સર્વનો આભાર અધ્યક્ષ શ્રી તથા મંત્રીશ્રી મારફતે વ્યક્ત કરવામાં આવ્યો.

ટ્રસ્ટીશ્રીઓ

અધ્યક્ષશ્રી ખીમજીભાઈ ભીમજી શિયાણી - મિરજાપર
ઉપાધ્યશ્રી શ્રી કુંવરજીભાઈ મનજી કેરાઈ - બળદીયા
સેક્રેટરીશ્રી ભીમજીભાઈ રામજી હાલાઈ - નારણપર
હરજીભાઈ કલ્યાણ હિરાણી - બળદીયા
ગોપાલભાઈ લાલજી વેકરીયા - રામપર
વાલજીભાઈ કરસન હિરાણી - બળદીયા

મુખ્ય કાર્યવાહક કમીટીની વરણી કરવામાં આવી. તથા પરબતભાઈની આખી સભાએ હાથ ઉંચા કરી સહમતિ આપી. જેથી અધ્યક્ષ તરીકેની પોસ્ટ ઉપર પરબતભાઈ પ્રેમજી વેકરીયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી ! બાકીની પોસ્ટમાં જે હરિભકતો ચૂંટાયા તે સમિતિ નીચે જણાવ્યા પ્રમાણે છે.

કાર્યવાહી કમીટી

- અધ્યક્ષ શ્રી પરબતભાઈ પ્રેમજી વેકરીયા - બળદીયા
- ઉપાધ્યક્ષ શ્રી હિરજીભાઈ ખીમજી શિયાણી - મિરજાપર
- સેક્રેટરી શ્રી જાદવજીભાઈ લાલજી હાલાઈ - માધાપર
- સહ સેક્રેટરી શ્રી નારણભાઈ રવજી ગોરસીયા - માધાપર
- ખજાનચી શ્રી હરિશભાઈ ગોવિંદ વેકરીયા - માધાપર
- સહ ખજાનચી શ્રી કેશરાભાઈ કરસન વાલાણી - બળદીયા
- ઓડીટર શ્રી સુરેશભાઈ રામજી મેપાણી - બળદીયા
- સહ ઓડીટર શ્રી જયેશભાઈ શિવજી હિરાણી - સુરજપર
- માજી અધ્યક્ષ શ્રી કાનજીભાઈ કલ્યાણ હિરાણી - બળદીયા

ઉપરોક્ત જણાવ્યા મુજબ નામ પ્રમાણે હોદેદારોની નિમણૂંક થયા બાદ અલગ અલગ પેટા સમીતીની પણ ચૂંટણી કરવામાં આવી. કાર્ય પૂર્ણ કરી જનરલ સભાનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું.

અધ્યક્ષ શ્રી પરબતભાઈ પ્રેમજી વેકરીયા
મંત્રીશ્રી, જાદવજીભાઈ હાલાઈના જયશ્રી સ્વામિનારાયણ.



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી

## જૈવી સંગ તેવી રંગ

એક નગરની બજારમાં એક પોપટ વેચનારો આવ્યો. તેની પાસે બે પાંજરા હતાં. બંનેમાં એક-એક પોપટ હતો. તેણે એક પોપટની કિંમત રાખી હતી પાંચસો રુપીયા અને બીજાની રાખી હતી પાંચ રૂપિયા, તે સાદ પાડતો હતો કે, કોઇ પહેલાં પાંચ રૂપિયા વાળો લેવા ઇચ્છે છે તો લઇ જાય, પરંતુ કોઇ પહેલાં પાંચસો રૂપિયા વાળાને લેવા ઇચ્છતો હશે તો તેણે બીજો પણ લેવો પડશે.

ત્યાંના રાજા બજારમાં આવ્યા. પોપટ વેચનારાનો સાદ સાંભળીને તેમણે વેચનારને પૂછ્યું - આ બંનેની કિંમતોમાં આટલો તફાવત કેમ છે ?

પોપટવાળાએ કહ્યું - એ તો તમે આમને લઇ જાઓ તો આપોઆપ જ ખબર પડી જશે.

રાજાએ પોપટ ખરીદી લીધા. રાત્રે જ્યારે સૂવા લાગ્યા ત્યારે તેમણે સેવકને કહ્યું, પાંચસો રૂપિયાવાળા પોપટનું પિંજરું મારા પલંગની પાસે લટકાવવામાં આવે. જ્યારે સવારના ચાર વાગ્યા ત્યારે પોપટે બોલવાનું શરૂ કર્યુ - રામ, રામ, સીતારામ... પોપટે ખૂબ સુંદર ભજન ગાયાં, સુંદર શ્લોક બોલ્યો. રાજા ઘણો ખુશ થયો.

બીજા દિવસે તેમણે બીજા પોપટના પિંજરાને પોતાની પાસે મૂકાવ્યું. જ્યારે સવાર થઈ ત્યારે તે પોપટ ગંદી-ગંદી ગાળો બકવાનું શરૂ કર્યુ. રાજાને ઘણો ગુસ્સો આવ્યો. તેમણે નોકરને કહ્યુ - આ હરામીને મારી નાખો.

પહેલો પોપટ પાસે જ હતો. તેણે નમ્રતાપૂર્વક વિનંતી કરી - રાજાજી ! આને મારશો નહીં. આ મારો સગો ભાઇ છે. અમે બંને એકસાથે જાળમાં ફસાયા હતા. મને એક સંતે લઇ લીધો, તેમના ત્યાં હું ભજન શિખી ગયો. આને એક કસાઇએ ખરીદી લીધો, ત્યાં આણે ગાળો શિખી લીધી. આનો કોઇ વાંક નથી, આ તો ખરાબ સંગનું પરિણામ છે. રાજાએ તે પોપટને મારી નાખ્યો નહીં, તેને ઉડાડી મૂક્યો.

બાળ મિત્રો ! જોયુંને સંગનું પરિણામ માણસ જેવો સંગ કરે છે તેવો રંગ લાગે છે. માટે સારા બાળકોનો સંગ કરવો. જે દરરોજ મંદિરે જાય બાળ મંડળની સભામાં બેસે, સંતોનો સમાગમ કરે, ગાળો ન બોલે, સમયસર સ્કૂલે જાય, મા-બાપને પગે લાગે આવા સારા બાળકોને મિત્ર બનાવવા અને જે મંદિરે ન જાય તમાકુ ગુટકા ખાય, જુગાર રમે, ચોરી કરે આવા બાળકોની સાથે મિત્રતા ન કરવી.

## હિંડોળા દર્શન

બાળ મિત્રો ! જય શ્રી સ્વામિનારાયણ, ચાલો ઝુલાવીએ હરિને હિંડોળે. અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ, એકમહિના સુધી શ્રી ઘનશ્યામ મહારાજને હિંડોળામાં ઝુલાવવાનો લાભ આપણને મળે છે. હિંડોળામાં ભગવાનને ઝુલાવવા એ પરંપરા વર્ષોથી ચાલી આવે છે. પૂર્વે કૃષ્ણપ્રેમી ગોપીઓએ વૃન્દાવનમાં યમુના કિનારે હિંડોળો બનાવી શ્રી કૃષ્ણભગવાનને ઝુલાવ્યા હતા. પ્રેમાનંદસ્વામીએ તેનો ઉલ્લેખ કીર્તનમાં કર્યો છે. ''ઝુલે હિંડોળે બલવીર, યમુના તીરે રે; ઝુલાવે વ્રજની નારી, હેતે ધીરે ધીરે રે.'' ત્યારથી વૈષ્ણ ભક્તો પ્રભુને હિંડોળે ઝુલાવે છે. વડતાલમાં સંતો ભક્તોએ શ્રીહરિને આંબાની ડાળીએ બારબારણાનો હિંડોળો બનાવી ઝુલાવ્યા

હતા. ''વડતાલની ફૂલ વાડીએ હિંડોળો આબાંની ડાળ'' તીર્થધામ ભુજમાં જ્યારે શ્રીહરિ ગંગારામ મલ્લને ઘેર પધાર્યા હતા ત્યારે ભુજના ભક્તોએ પુષ્પના હાર, તોરા, બાજુબંધ, ગજરા વગેરે શ્રીજી મહારાજને ધારણ કરાવ્યા હતા. અને ફૂલના હિંડોળામાં શ્રીજી મહારાજને પધરાવીને ઝુલાવ્યા હતા. ગંગારામ આદિ ભક્તો કીર્તનો ગાતા હતા. આવી શોભાએ યુક્ત હિંડોળામાં શ્રીહરિને ઝુલાવ્યા હતા. એ પરંપરાને અનુસાર ભક્તો ભાવથી હિંડોળા બનાવી ભગવાનને ઝુલાવે છે. સમયની સાથે લોકજીવન બદલાય, પણ સિદ્ધાંત તો એ જ રહે. ગોપીઓએ આંબા કે કદંબની ડાળે પુષ્પલતાનો હિંડોળો બનાવી તેમાં શ્રીકૃષ્ણભગવાનને ઝુલાવ્યા હશે. આજે યુગ બદલાયો છે. માણસ કુદરતથી ઘણો દૂર થઇ ગયો છે. પણ ભગવાનની ભક્તિ ભૂલ્યો નથી. તેથી આજે ભક્તો સોના, ચાંદીના કે વિવિધ શાક, ફળ, ફૂલ, રમકડાં, ધાન્ય, થર્મોકોલ, દીવાસળી, રુમાલ, બુક, મૂર્તિ વગેરેના પણ કલાત્મક રચના કરી ભગવાનને હિંડોળે ઝુલાવી રાજી કરે છે.

બાળ ભક્તો ! તમે પણ તમારા ગામમાં હિંડોળાની સેવા કરજો. વિવિધ પ્રકારના હિંડોળા બનાવી શ્રીઘનશ્યામ મહારાજને ઝુલાવજો અને સાંજે મંદિરમાં બાળ મંડળની સભામાં હિંડોળાના કીર્તનો ગાઇ ભગવાનને રાજી કરવા. અને હા... ભુજ, અંજાર, માંડવી હિંડોળાના દર્શન કરવાનું ભુલતા નહિ. તેમજ આજુ બાજુના ગામડાઓમાં પણ દર્શન કરવા જવું જોઇએ.

અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ

જ્ઞાનસરિતામાં આપેલ જ્ઞાનમાળા, કોયડો. વગેરેના ઉત્તરો સારા અક્ષરે લખી. આપેલ સરનામાને અનુસારે સારા અક્ષરે સરનામું લખી. શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ અથવા કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલયમાં આપવું ભાગ લેશે શ્રી ઘનશ્યામ બાલ-બાલિકા મંડળના બાળકો.

# જ્ઞાનસરિતા

**:: જ્ઞાનમાળા ::**

ચાર વિકલ્પોમાંથી સાચા જવાબ નીચે અન્ડર લાઇન કરો.

(૧) રામાનંદ સ્વામીએ ઉદ્ધવસંપ્રદાયની ગાદી શ્રીસહજાનંદ સ્વામીને કયા ગામમાં સોંપી હતી ?
(અ) જેતલપુર (બ) અમદાવાદ (ક) જેતપુર
(ડ) લોજ

(૨) પ્રેમી તે જનના પ્રાણ છો-આ પદ ક્યા કીર્તનમાં આવે છે?
(અ) સખી ગોકુળ ગામના... (બ) હરિ હૈયાના...
(ક) મન લીધું.... (ડ) પ્રગટ થયા...

(૩) ભુજમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને ક્યા ભગતે પોતાને ઘેર હિંડોળામાં ઝુલાવ્યા હતા ?
(અ) સુંદરજી સુથાર (બ) ગંગારામમલ્લ
(ક) લાધીબાઇ (ડ) કાશીદાસ

(૪) ભક્તિમાતાના પિતાનું નામ શું હતું ?
(અ) દેવશર્મા (બ) બાલશર્મા (ક) હરિશર્મા
(ડ) કૃષ્ણશર્મા

(૫) વડતાલમાં આંબાની ડાળીએ બાર બારણાનો હિંડોળો કોણે બનાવ્યો હતો ?
(અ) હરજીસુથાર (બ) બ્રહ્માનંદસ્વામી
(ક) નિષ્કુળાનંદસ્વામી (ડ) જોબનપગી

(૬) ભુજમાં નારાયણ ભગવાન ક્યા હાથમાં ગદા ધારણ કરેલી છે ?
(અ) નીચલો જમણો (બ) ઉપલો ડાબો
(ક) નીચલો ડાબો (ડ) ઉપલો જમણો

(૭) શ્રીમદ્ ભગવદ્ ગીતાના કેટલા અધ્યાય છે ?
(અ) ૭૦૦ (બ) ૧૮ (ક) ૧૨ (ડ) ૧૮૦૦

(૮) હનુમાનજીના પિતાનું નામ શું હતું ?
(અ) વાયુદેવ (બ) પવનદેવ (ક) કેશરી
(ડ) અ,બ,ક, ત્રણે

(૯) દિલ્હીનું પ્રાચીન નામ શું હતું ?
(અ) હસ્તિનાપુર (બ) વિરાટનગર (ક) ધર્મપુર (ડ) સત્યપુર

(૧૦) સત્સંગી પુરુષે ભાલમાં શું કરવું જોઇએ ?
(અ) તિલક ચાંદલો (બ) તિલક (ક) ચાંદલો (ડ) ટીબકડી

●●●

## :: હસ્તા રહો ::

ડૉકટર : કેવું છે હવે ? ખાંસી કેમ છે ?
દર્દી : ખાંસી તો જતી રહી પણ આંખો દુ:ખે છે.
ડૉકટર : ચિંતા ન કરો. એ પણ જશે.

● ● ●

શિક્ષક : રાજુ, તું રોજ સ્કૂલે મોડો કેમ આવે છે ?
રાજુ : સાહેબ, તમે તો કહ્યું હતું કે કોઇ કામ ઉતાવળે ન કરવું.

●●●

બે કીડી જતી હતી ત્યાં સામેથી હાથી ચાલ્યો આવે.
એક કીડી : (બીજી કીડીને) હાથીને મારી નાખવો છે ?
બીજી કીડી : ના... બીચારો એકલો છે.

## :: ઉખાણાં ::

(૧) પડી પડી પણ ભાંગી નહી, કટકા થયા બે ચાર, વગર પાંખે ઉડી ગઇ, તમે ચતુર કરો વિચાર.

(૨) અડધું છું ફળ ને અડધું છું ફૂલ, કાળો રંગ મારો છતાં સ્વભાવે મીઠો મધુર છું.

(૩) એક બહનને ભાઇ બત્રીસ, તે સઘળા સાથે પ્રીત, બહેન પહેલાં ભાઇ મરે આ ક્યા ગામની રીત.

(૪) રાતે ફરે પણ ચોર નહિ, પક્ષી છતાં મોર નહિ, આંખો છતાં દિવસે દેખે નહિ, રાતના સમયે પેટ ભરે.

બાલમિત્રો ! તમને મન ગમતો એક હિંડોળો દોરી અંદર કલર પૂરી સરનામું લખી ભુજ કાર્યાલયમાં જમા કરાવો.

ગત અંકના જ્ઞાનમાળાના જવાબો :
અયોધ્યા પ્રસાદજી, ફાગણ સુદ-૨, પાર્થ, ઇટાર, ૪૯-૨-૧, જેઠ સુદ-૧૦, ૩, જગન્નાથપુરી, અષાઢસુદ-૧૫, સત્યવતી.

## શબ્દરચના

રામાયણ અને માહાભારતના કેટલાક પાત્રોનાં નામ આપેલા છે તે ખાલી મુકેલા ખાનામાં યોગ્ય અક્ષર મુકી નામ પૂર્ણ કરો.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભિ | | ણ | | | | | | | શ | | થ |
| યુ | | ષ્ઠિ | | | | | | | સુ | | કી | |
| | ત્ય | | તી | | | | | | | દુ | | જી |
| અ | | મ | | | | | | | વિ | | મિ | |
| | ણ | | રુ | | | | | | | નં | | ય |
| ભિ | | પિ | | | | | | | દે | | વ્ર | |
| | મ | | દ્ર | | | | | | | ણ | | ડ |
| હ | | મા | | | | | | | કૃ | | ચા | |
| | બ | | ન | | | | | | | બા | | કા |
| | | તા | | તા | | | | | હ | | વ | ★ |
| ★ | ધૃ | | ઘુ | | ★ | ★ | ★ | વૃ | | દ | | |
| | | સુ | | ય | | ★ | કું | | ભો | | | |
| | | | | | ★ | ★ | ★ | | | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | પૂ | ક | મં | સ્ત્રો | ત્ર | પા | ઠ | પ્ર | ગુ |
| ષ્ટાં | જા | વ | પ | પ્ર | ક | દ | ણ | ત્ર | ન |
| ના | કિ | જા | સ્કા | ક | થા | શ્ર | વ | ણ | ર |
| કા | ત્ર | ક્ષિ | ન | સા | વાં | ર્ત | જ | પ | ગુ |
| મં | હા | સ્કા | ર | સ્તો | ચ | ક | પૂ | જા | ણ |
| ક | ગુ | સા | ષ્ટાં | ગ | ન | મ | સ્કા | ર | કિ |
| થા | ણ | મં | ત્ર | ણા | વાં | હા | શ્ર | મા | ર્ત |
| ત | સ્તો | સા | ક્ષિ | ત્ર | ક | પૂ | ચ | ળા | ન |
| પ | ષ્ટાં | દ | પૂ | કિ | ર્ત | જા | વાં | પ્ર | ક |
| મં | પ્ર | જા | સ | ત્સં | ગ | ઉ | પ | વા | સ |

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૫૦૧/- | મનોરમાબેન કરસનદાસ કોઠારી | પુના | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | હરજી મુરજી પાંચાણી | દહીંસરા હાલે લંડન | નવું બાઇક લીધું તે નિમિતે ભેટ |
| ૧૦૦/- | નીતિન વિઠ્ઠલદાસ ઠક્કર | ભુજ | સુપુત્ર ચિ.હર્ષ ધોરણ ૧૨ કોમર્સમાં પાસ થતાં ભેટ |
| ૫૦૦/- | અમરબેન કરસન ધનજી ગાંગજીયાણી | દહિંસરા | ભુજ મંદિરમાં કથા પારાયણ દિવસ-૫ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | રામજીભાઇ વાલજી હિરાણી ધ.પ.સામબાઇ | માધાપર | ૧૧૫મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે તથા પંચાહન પારાયણ જ્ઞાનયજ્ઞ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | અ.નિ.પ્રેમજી ભીમજી વરસાણી હસ્તે ધ.પ.વાલબાઇ | માધાપર | પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે |
| ૧૦૦/- | અવનિબેન અમૃતલાલ નારાણભાઇ પોકાર | ઘડાની હાલે નડિયાદ | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | અ.નિ.પ્રેમજી ભીમજી વરસાણી<br>હસ્તે સુપુત્ર લાલજી પ્રેમજી પરિવાર | માધાપર | પ્રથમ પુણ્યતિનિ નિમિત્તે ઠાકોરજીને થાળ, સંતોને રસોઇ તેમજ મંડળભર્યા તે નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | હીરાલાલ મનજી વરસાણી | કોડકી | સુપુત્રી ચિ.સ્મૃતિના જન્મ દિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | હીરાલાલ મનજી વરસાણી | કોડકી | સુપુત્ર ચિ.જીનેશના જન્મ દિવસ નિમિતે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | હરેશભાઇ પ્રવિણચંદ્ર જેઠી | ભુજ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | અ.નિ.શિવજીભાઇ મેઘજી ગાજીપરીયા<br>હસ્તે ધ.પ. પુરબાઇ | મિરઝાપર | ભુજ મંદિરમાં કથા પારાયણ નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | લક્ષ્મણ નાનજી વરસાણી | સામત્રા | ભુજ મધ્યે ત્રિદિનાત્મક પારાયણ નિમિતે ભેટ |
| ૫૦૦/- | ધ્રુવીબેન કાંતિલાલ પિંડોરીયા | સામત્રા | જન્મ દિવસ નિમિતે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | રમેશભાઇ હંસરાજ સાંખલા | દયાપર | સુપુત્રીઓ ચિ.માયા અને ચિ.મમતાના શુભલગ્ન પ્રસંગે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | દિનેશ ધનજી કેરાઇ | સુખપર | સુપુત્ર ચિ.હિરેનને શાળામાં ધો.૧માં પ્રવેશ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | પ્રવિણભાઇ ખીમજી મેપાણી | કેરા | સુપુત્ર ચિ.પિયુષ તથા ચિ.દિક્ષિતાના જન્મ દિવસ નિમિતે |
| ૧૦૧/- | જાદવજી સામજી વરસાણી હસ્તે કુંવરબેન | કોડકી | નવું મકાન બનાવ્યું તે નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | ખીમજી સામજી વરસાણી હસ્તે કુંવરબેન | કોડકી | નવું મકાન બનાવ્યું તે નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | કિશોર સામજી વરસાણી હસ્તે કુંવરબેન | કોડકી | નવું મકાન બનાવ્યું તે નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | ધીરેશ સામજી વરસાણી હસ્તે કુંવરબેન | કોડકી | નવું મકાન બનાવ્યું તે નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | ઉષાબેન જાદવજી વરસાણી હસ્તે કુંવરબેન | કોડકી | લગ્ન પ્રસંગે ભેટ |
| ૧૦૧/- | જેનાબેન ખીમજી વરસાણી હસ્તે કુંવરબેન | કોડકી | લગ્ન પ્રસંગે ભેટ |
| ૧૧૧/- | રાહુલ મુરજીભાઇ શિયાણી હસ્તે વનિતાબેન દબાસીયા | માનકુવા | જન્મ દિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | વૃત્તિ મુરજીભાઇ શિયાણી હસ્તે વનિતાબેન દબાસીયા | માનકુવા | જન્મ દિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | જશુ મનસુખ કરસન વેકરીયા | નારાણપર | જન્મદિવસ નિમિતે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | વિરજી ધનજી ગામી | કેરા હાલે વિલ્સ્ડન | ચિ.કેતનના શુભ લગ્ન પ્રસંગે ભેટ |
| ૫૦૦/- | વિરજી ધનજી ગામી | કેરા હાલે વિલ્સ્ડન | મકાનનું ખાતમુહૂર્ત કર્યુ તે નિમિતે ભેટ |
| ૫૦૦/- | અ.નિ. નારાણભાઇ વાલજી હીરજી હિરાણી | મદનપુર | ભુજ મંદિરમાં કથા પારાયણ નિમિતે |
| ૧૫૦/- | ધનજી નારાણ મનજી વરસાણી | સામત્રા | દોહિત્રી નતાશા હિરાણીને ઇંગ્લીશ લૉ નોકરી મળી તે નિમિતે ભેટ |
| ૨૦૦/- | ધનજી નારાણ મનજી વરસાણી | સામત્રા | સુપુત્રી ચિ.રાધાની ૨૫મી વેડીંગ એનીવર્સરી નિમિતે ભેટ |
| ૧૫૦/- | ધનજી નારાણ મનજી વરસાણી | સામત્રા | દોહિત્રો ચિ.દિલનના જન્મ દિવસ નિમિતે ભેટ |
| ૧૦૧/- | મહેન્દ્ર પ્રેમજી પિંડોરીયા | માધાપર | સુપુત્ર ચિ. કિશન ધો.૧૦માં સારા માકર્સથી પાસ થતાં શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | અ.નિ. કરસનભાઇ વાઘજી લાલજી પિંડોરીયા<br>હસ્તે નારાણભાઈ ધ.પ.પુષ્પાબેન સુત ભરત, ચંદ્રકાન્ત | માધાપર | અ.નિ કરસનભાઇના મોક્ષાર્થે ભુજ મંદિરમાં કથા પારાયણ નિમિતે ભેટ |
| ૧૦૧/- | કિશનકુમાર ભરતભાઇ પંડ્યા | માધાપર | જન્મદિવસ નિમિતે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૧/- | માસ્તર શિવજી ધનજી પિંડોરીયા | માધાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૨૧/- | ભાનુબેન શિવજી ધનજી માસ્તર | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૨૧/- | શિવજી ધનજી પિંડોરીયા | માધાપર | બહેન સામબાઇ વિશ્રામ ગામી હાલે કાર્ડીફ ઓપરેશન બાદ તબિયત સારી થતાં ભેટ |
| ૧૨૧/- | શિવજી ધનજી માસ્તર | માધાપર | પૌત્રી ચિ. ટિશ્નાને ઓસ્ટ્રેલિયાના સ્ટુડન્ટ વિઝા મળતાં ભેટ |
| ૧૨૧/- | શિવજી ધનજી પિંડોરીયા | માધાપર | ચંપાબેનની સુપુત્રી ચિ. વિનલના સગપણ ઇસ્ટલંડન થતાં ભેટ |

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ રાપર દશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.















શ્રીહરિ અંતર્ધાન લીલાના દિવસે મહાઆરતીનો લાભ લેતા સંતો-ભક્તો-ભુજ.



ધોમધમતા તાપમાં શ્રીઠાકોરજી સુગંધમાન ડોલરના પુષ્પથી સુશોભિત થઈ દર્શન આપ્યા હતા-ભુજ.

RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2012-2014
WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2012



















(૧-૨) શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના પટાંગણમાં સંસ્કૃત પાઠશાળા સાં.યો. બહેનો માટે તથા બાલવાટિકા તથા લાયબ્રેરીનું ખાતમુહૂર્ત કરતા પ.પૂ મહંત સ્વામી તથા દાતાશ્રી નારણભાઈ મનજી કેરાઈ આદિ ભક્તો-ભુજ. (૩-૪) શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેન્મોર વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સભામાં ઉપસ્થિત ભક્ત બહેનો તથા પુરૂષો. (૫) શ્રી નરનારાયણદેવના રસોડામાં ફ્રીઝ અર્પણ કરતા પ.ભ. દીપકભાઈ સાથે પ.પૂ. મહંત સ્વામી-ભુજ. (૬) શ્રી નરનારાયણ બાગમાં તૈયાર થયેલ મગફળીના પાક સાથે સંચાલક સંતો તથા પ.પૂ. મહંત સ્વામી-ભુજ.

